**સુવિચાર**

''રાજનેતા રાજ માટે જનેતાની ભૂમિકાએ પહોંચશે ત્યારે રામરાજ્યની સ્થાપના થશે''

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૫/૧૦/૨૦૨૬, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



ફરસાણ • ખમણ • મીઠાઈ

શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ આસો સુદ-૧૫ વર્ષ : ૧૭ અંક : ૨૬૫


## જિલ્લા કોંગ્રેસ સમિતિનાં પ્રમુખ પ્રતાપ દુધાતનાં માર્ગદર્શન હેઠળ

# સાવરકુંડલામાં કોંગ્રેસ દ્વારા 'વોટ બચાવો દેશ બચાવો' અંતર્ગત બેઠક યોજાશે

### આજે બપોરે યોજાનારી બેઠકમાં એમ.પી.નાં પૂર્વ મંત્રી ખાસ ઉપસ્થિત રહેશે

### જિલ્લાભરમાંથી મોટી સંખ્યામાં કોંગી આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહેશે

### આગામી દિવસોમાં એસઆઈઆર સામે આંદોલનાત્મક કાર્યક્રમની રૂપરેખા તૈયાર કરાશે

### આગામી ૧લી નવેમ્બરનાં રોજ દિલ્હી ખાતે યોજાનારી ઐતિહાસિક રેલી અંગે પણ ચર્ચા કરાશે





અમરેલી, તા. ૨૪

સાવરકુંડલા ખાતે આવતીકાલ રવિવારે બપોરે ૩:૩૦ કલાકે લોહાણા વિદ્યાર્થી ભવન ખાતે જિલ્લા કોંગ્રેસ સમિતિનાં પ્રમુખ પ્રતાપ દુધાતતેમજ "વોટબચાવોદેશબચાવો" અભિયાનનાં સૌરાષ્ટ્રનાં ઈન્ચાર્જ અને મધ્યપ્રદેશનાં પૂર્વમંત્રીસુખદેવ પાંસેજી ખાસઉપસ્થિતરહેશે.

આ બેઠકમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમાર ધ્વારા કરવામાં આવેલ મનસ્વી અને અયોગ્ય કારસાઓ સામે આગામી દિવસોમાં કરનારા આંદોલનની રણનીતિ તૈયાર કરવામાં આવશે.

તદઉપરાંત, ૧લી નવેમ્બરનાંરોજદિલ્હીખાતેકોંગ્રેસપક્ષ ધ્વારાયોજાનારીઐતિહાસિકરેલીમાં જવા અંગેનું પણ આયોજન કરવામાં આવેલછે.

## જિલ્લામાં વાહન અકસ્માતની સતત ઘટના બની રહી છે

# બાબરાનાં કરિયાણા માર્ગ ઉપર મેલડી માતાજીનાં મંદિર નજીક આઈસર પલ્ટી ગયું

### ડ્રાઈવર સહિત ૨ વ્યકિત ઈજાગ્રસ્ત


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૨૪

બાબરા-કરિયાણા રોડ પર સોનપરીવાળા મેલડી માતાજીનાં મંદિર પાસે આઈસર ગાડી પલ્ટી ખાઈ જતાં અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ગાડીનાં ડ્રાઈવર અને કલીનરને ઈજાઓ પહોંચતાં બંનેને સારવાર અર્થે બાબરા સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ, બાબરા-કરિયાણા રોડ પર સોનપરીવાળા મેલડી માતાજીનાં મંદિર નજીક આઈસર ગાડી પલ્ટી ખાઈ જતાં માર્ગ પર અકસ્માતની ઘટના બની હતી. અકસ્માતને પગલે ડ્રાઈવર અને કલીનરને ઈજાઓ પહોંચતાં તેમને તાત્કાલિક સારવાર માટે બાબરા હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા.

## ગ્રામ પંચાયતોની ચૂંટણીનાં પડઘમ વાગવાની તૈયારી

# અમરેલી જિલ્લામાં નવેમ્બરમાં મતદાર યાદી સુધારણા બાદ ચૂંટણીની જાહેરાતની શકયતા

### સાવરકુંડલામાં સૌથી વધુ ૫૫, અમરેલીમાં ૫૦ અને રાજુલામાં ૪૮ ગ્રામ પંચાયતોમાં ચૂંટણી

અમરેલી, તા. ૨૪

અમરેલી જિલ્લામાં ગ્રામ્યના રાજકારણમાં આગામી દિવસોમાં ચૂંટણીનો ગરમાવો આવવાના સંકેતો મળી રહ્યા છે. જિલ્લાના ૧૧

**અનુસંધાન પાના ૬ ઉપર**

## નિર્માણ કાર્યોની પ્રગતિ, રેલ્વે સંસ્થા અને મુસાફર સુવિધાઓની વ્યવસ્થાની સમીક્ષા

# અમરેલી-ખીજડીયા સેકશનમાં બ્રોડગેજ નિર્માણ કાર્યોનું વિસ્તૃત સુરક્ષા અંગે નિરીક્ષણ કરતાં રેલ પ્રબધંક

### આગામી મહિનાઓમાં બ્રોડગેજ રેલ્વે સેવા શરૂ થવાની સંભાવનાં



અમરેલી, તા. ૨૪

પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળના રેલ પ્રબંધક દિનેશ વર્માએ ગઈકાલે તા. ૨૩ના રોજ ખીજડિયા અને અમરેલી સેકશનમાં બ્રોડગેજ (BG) નિર્માણ કાર્યોનું વિસ્તૃત સંરક્ષા નિરીક્ષણ કર્યું હતું. આ નિરીક્ષણનો હેતુ નિર્માણ કાર્યોની પ્રગતિની સમીક્ષા કરવાની સાથે રેલવે સંરક્ષા, નિર્માણની ગુણવત્તા અને મુસાફર સુવિધાઓ સંબંધિત વ્યવસ્થાઓની સમીક્ષા કરવાનો હતો.

ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજય પ્રબંધક ત્રિપાઠીએ અમારા પ્રતિનિધિ મિલાપ રૂપારેલને માહિતી આપતાં જણાવ્યું હતું કે, નિરીક્ષણ દરમિયાન ડિવિઝનલ રેલવે મેનેજરે રેલવે સેકશનમાં ચાલી રહેલાં વિવિધ નિર્માણ કાર્યોની પ્રગતિનું ઝીણવટપૂર્વક નિરીક્ષણ કર્યુ હતું. તેમણે રેલવે અંડર બ્રિજ (RUB), પુલો, સમપાર ફાટકો (લેવલ ક્રોસિંગ ગેટસ), વળાંકો (કર્વ), ઈન્ટરલોકિંગ સિસ્ટમ અને પાઈન્ટસનું નિરીક્ષણ કરીને સંબંધિત કાર્યોની વર્તમાન સ્થિતિની સમીક્ષા કરી હતી.

નિરીક્ષણ દરમિયાન રેલવે સંરક્ષણ સાથે સંકળાયેલા વિવિધ તકનીકી પાસાઓ તેમજ નિર્માણ કાર્યોની ગુણવત્તા પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંબંધિત અધિકારીઓ પાસેથી નિર્માણ કાર્યોની પ્રગતિ અને તકનીકી વ્યવસ્થાઓ અંગેની માહિતી પણ મેળવવામાં આવી હતી.

આ ઉપરાંત, ડિવિજનલ રેલવે મેનેજરે અમરેલી રેલવે સ્ટેશન પર મુસાફરોને પૂરી પાડવામાં આવતી વિવિધ સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે સ્ટેશન પર ઉપલબ્ધ સુવિધાઓ અને સંબંધિત વ્યવસ્થાઓની સમીક્ષા કરીને મુસાફર સુવિધાઓની યોગ્ય જાળવણી અને વધુ સારી વ્યવસ્થાપન વ્યવસ્થાના મહત્વ પર ભાર મૂકયો હતો.

પશ્ચિમ રેલવેનું ભાવનગર મંડળ રેલવે સંરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને માળખાકીય સુવિધાઓના વિકાસ, નિર્માણ કાર્યોની ગુણવત્તા અને મુસાફર સુવિધાઓના સતત વિકાસ તથા ઉન્નતીકરણ માટે પ્રતિબદ્ધ છે. આ સંરક્ષા નિરીક્ષણ દરમિયાન મંડળના વરિષ્ઠ શાખા અધિકારીઓ અને સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬ જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ
ફેરીયા રોડ, ભોજલપરા, અમરેલી. રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૯૨



naari HOSPITAL હોસ્પિટલ
આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે
મેડીકલ ઓફીસર (BHMS / BAMS) દિવસ માટે (લેડીઝ)
આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સઅપ કરવું અથવા રૂબરૂ મળવું
naari HOSPITAL હોસ્પિટલ જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com



Hero
ALL NEW HF. Deluxe
A PERFECT BLEND OF POWER, STYLE & MILEAGE
CASH DISCOUNT ₹3000

POWERED BY TRUST. BUILT FOR INDIA.
BOOK NOW
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254




Aikyam
એકયમ ન્યુરો સાઈકિયાટ્રી હોસ્પિટલ
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ..
ડૉ. વિવેક જોષી M.B.(Psy) D.P.M., F.I.P.S.,M.I.A.P.P.
કન્સલટીંગ ન્યુરો સાઈકિયાટ્રીસ્ટ
મગજ, માનસિક રોગો,જાતિય નબળાઇ તથા વ્યસન મુકિતનાં નિષ્ણાંત..
:: લક્ષણો ::
• ઉદાસી રોગ
• મરવાના વિચાર આવવા
• વિચારવાયુ
• વહેમ, શંકા
• મંદબુધ્ધિ બાળકોની સારવાર
• ચિંતા - ટેન્શન
• માથાનો દુ:ખાવો
• જાતિય રોગો
• વ્યસનમુકિત : દારૂ,બીડી, તમાકુ, કાલા
સ્થળ : પરમ કોમ્પલેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
Mo. 97370 28181 | Ph. 02792-224224
મગજના ગ્રાફ (E.E.G.) ની સુવિધા ઉપલબ્ધ...



38 Years
માં વર્ષમાં મંગલ પ્રવેશ
આપના સ્નેહ બદલ અમારા વ્હાલા ગ્રાહકમિત્રો, શુભેચ્છકો, સ્નેહીજનોનો ખુબ...ખુબ...ખુબ... આભાર

સૌથી ઓછો ભાવ ઓછી મજુરી વધુ વેરાયટીઝ
નિલકંઠ જ્વેલર્સ (અમરેલીવાળા)
માણેકપરા, અમરેલી. Mo. 98250 91721
॥ રાજકોટ બ્રાન્ચ ॥
શોપ નં.૨, ગોલ્ડ સ્ટોન કોમ્પલેક્ષ, જયરાજ પ્લોટ, પેલેસ રોડ, રાજકોટ. Mo. 95375 25000

### કાંકરીનાં કારણે વાહનો સ્લીપ થવાનો ભય

# ઉનામાં ત્રિકોણ બાગ અને ગોંદરા ચોકથી સિવિલ હોસ્પિટલ સુધીનાં રોડનું અધૂરૂ કામ, ધૂળની ડમરીઓથી સૌ પરેશાન

## દિવાળીનાં તહેવાર પહેલાં રોડનું કામ પૂર્ણ કરવાની માંગ



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૨૪

ઉના શહેરમાં ત્રિકોણ બાગ અને ગોંદરા ચોકથી લઈને ઉના સિવિલ હોસ્પિટલ સુધીનાં માર્ગ પર રોડનું કામ ચાલી રહ્યું છે. હાલ માર્ગ પર કાંકરી અને પાવડર પાથરવામાં આવ્યાં છે, પરંતુ ડામર પાથરવાનું કામ બાકી હોવાથી વાહન ચાલકો અને વેપારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

માર્ગ પરથી મોટા વાહનો પસાર થતાં જ ધૂળની ડમરીઓ ઊડતી હોવાથી આસપાસના વેપારીઓ, રાહદારીઓ અને વાહન ચાલકો ત્રાહિમામ પોકારી ઊઠયા છે. દિવાળીનાં તહેવારને હવે ગણતરીનાં દિવસો બાકી છે ત્યારે ખરીદી માટે ઉના શહેરમાં આસપાસનાં ગામોમાંથી મોટી સંખ્યામાં લોકો આવતા હોય છે. આવા સમયે મુખ્ય માર્ગ પર રોડનું કામ અધૂરૂ રહેતાં લોકોની મુશ્કેલીમાં વધારો થયો છે.

બીજી તરફ ત્રિકોણ બાગ અને ગોંદરા ચોકથી ઉના સિવિલ હોસ્પિટલ સુધીનાં માર્ગ પર પાથરવામાં આવેલી કાંકરીનાં કારણે ટૂ–વ્હીલર સહિતનાં નાના વાહનો સ્લીપ થવાનો ભય પણ સતાવી રહ્યો છે. પરિણામે અનેક વાહનચાલકો મુખ્ય માર્ગને બદલે સોસાયટીનાં આંતરિક રસ્તાઓ પરથી પસાર થવાનું પસંદ કરી રહ્યા છે.

દિવાળીનાં તહેવાર દરમિયાન બજારમાં લોકોની અવર જવર વધવાની છે. ત્યારે ત્રિકોણ બાગ અને ગોંદરા ચોકથી લઈને ઉના સિવિલ હોસ્પિટલ સુધીનાં માર્ગનું કામ ઝડપથી પૂર્ણ કરી ડામર પાથરવામાં આવે અને ત્યાં સુધી ધૂળની સમસ્યા અટકાવવા જરૂરી પગલાં લેવામાં આવે તેવી માગ ઊઠી રહી છે.

### રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી અંતર્ગત

# અમરેલી ખાતે જિલ્લા ભાજપની બેઠક યોજાઈ

## જિલ્લા પ્રમખે આપ્યું માર્ગદર્શન



અમરેલી, તા. ૨૪

ગુજરાત પ્રદેશ ભાજપની સુચના અનુસાર આજરોજ અમરેલી જિલ્લાભાજપ કાર્યાલયખાતે ‘‘સરદાર જયંતિ’’ એટલે કે ‘‘રાષ્ટ્રીય એકતા દિવસ’’ની ઉજવણીનાં આયોજન અંતર્ગત બેઠક યોજવામાં આવી હતી.

અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીનાં અધ્યક્ષ સ્થાનેયોજાયેલઆબેઠકમાંઆગામીતા. ૩૧ ઓકટોબરનાં રોજ સરદાર વલ્લભભાઈ પટેલનાં જન્મદિવસ રાષ્ટ્રીયએકતાદિવસેયોજાનાર કાર્યક્રમ અને તા. ૨૫ ઓકટોબરનાં રોજ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી ધ્વારા કરવામાંઆવતી ‘‘મનકીબાત’’ કાર્યક્રમ બાબતે વિગતવાર માહિતી અને જરૂરી જાણકારીઆપવામાં આવેલ.

આ બેઠકમાં જિલ્લા ભાજપ મહામંત્રી મયુરભાઈ માંજરિયા, રાજુભાઈ ભુતૈયા, પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાનાં ઉપાધ્યક્ષ ભુપેન્દ્રભાઈ બસિયા, જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ મેહુલભાઈ ધોરાજીયા, દિપકભાઈ વઘાસિયા, દિલીપભાઈ જોષી, મંત્રી પ્રવિણભાઈ સાવજ, ક્રિષ્નાબેન મકવાણા, અલ્કાબેન ગોંડલીયા, ડેનીભાઈ પરમાર સહિત જિલ્લા ભાજપનાં હોદ્દેદારો, રાષ્ટ્રીય એકતા દિવસ કાર્યક્રમ ઉજવણીની જિલ્લા ટીમનાં સભ્યો, મંડળનાં પ્રમુખ અને પ્રભારીઓ, જિલ્લા મોરચાનાં પ્રમુખ–મહામંત્રી તેમજ અપેક્ષિત આગેવાનો ઉપસ્થિત રહેલ. તેમ મીડિયા ઈન્ચાર્જ વિપુલ ભટ્ટીએ જણાવ્યું છે.

### સાંસદ સુતરીયા અને ધારાસભ્ય તળાવીયા દ્વારા

# બાબરા ખાતે રૂપિયા 31 લાખનાં વિકાસ કાર્યોનું ભૂમિપૂજન કરાયું

## પુર્વ પાલિકા પ્રમુખના કાર્યકાળ દરમિયાન કામો મંજુર થયેલ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૪

બાબરા શહેરના વિકાસને વેગ આપવાનાં હેતુથી નગરપાલિકાના પૂર્વ પ્રમુખ પ્રવિણભાઈ કરકરનાં શાસનકાળ દરમિયાન મંજુર થયેલા રૂા.૩૧ લાખના વિવિધ વિકાસકાર્યોનું ધારાસભ્ય જનકભાઈ તળાવીયા અને સાંસદ ભરતભાઈ સુતરિયાના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. શહેરના વિવિધ વિસ્તારોમાં હાથ ધરનાર આ વિકાસકાર્યોના પ્રારંભથી સ્થાનિક રહીશોમાં આનંદની લાગણી પ્રસરી ગઈ હતી.

બાબરા શહેરમાં વિકાસની સુવિધાઓમાં વધારો થાય અને નાગરિકોને વધુ સારી પાયાની સુવિધાઓ મળી રહે તેવા હેતુથી મંજુર કરવામાં આવેલા આ વિકાસકાર્યો અંતર્ગત અમરધામ સોસાયટીના સાર્વજનિક પ્લોટમાં કમ્પાઉન્ડ વોલ, બાબરા નગરપાલિકા કચેરી ખાતે મહારાણા પ્રતાપજીની પ્રતિમા સ્થાપિત કરવાનું કાર્ય તેમજ ધૂડિયા પ્લોટમાં કમ્પાઉન્ડ વોલ સહિતના કામોનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ધારાસભ્ય અને સાંસદ વિકાસકાર્યોનું ભૂમિપુજન કરી શહેરના વિકાસને વધુ ગતિશીલ બનાવવા માટેના પ્રયાસોને આગળ ધપાવ્યા હતા. જાહેર સ્થળોની સુવિધાઓમાં વધારો થવાની સાથે મહારાણા પ્રતાપજીની પ્રતિમા સ્થાપિત થવાથી શહેરનાં ગૌરવ અને શૌર્યની પરંપરાને પણ નવી ઓળખ મળશે.

આ કાર્યક્રમમાં પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાના ઉપાધ્યક્ષ ભૂપેન્દ્રભાઈ બસિયા, જિલ્લા ભાજપ કિસાન મોરચાના પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા, નગરપાલિકા પ્રમુખ રમેશભાઈ પરવડીયા, ઉપપ્રમુખ યજ્ઞેશભાઈ શુકલ, કારોબારી સમિતિના ચેરમેન ભરતભાઈ રંગપરા, તાલુકા પંચાયતના પ્રમુખ તુષારભાઈ રમાણી સહિત નગરપાલિકાના સભ્યો, તાલુકા પંચાયતના સભ્યો, સ્થાનિક અગ્રણીઓ અને વિસ્તારના નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

### ધારાસભ્ય જનકભાઈ તળાવીયાનાં વરદ્‌હસ્તે

# બાબરામાં આધુનિક મામલતદાર કચેરી અને જનસેવા કેન્દ્રનું લોકાર્પણ કરાયું

## નાગરિકોને સરકારી સેવાઓ વધુ સુગમ, ઝડપી અને પારદર્શન રીતે મળી રહે તે દિશામાં મહત્વપૂર્ણ પહેલ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૪

બાબરાશહેરમાંનાગરિકોને સરકારી સેવાઓ સરળતાથી અને સુવિધાજનક રીતે મળી રહે તેવા હેતુથી નવનિર્મિતઆધુનિકમામલતદાર કચેરી તથા જનસેવા કેન્દ્ર સહિત વિવિધ શાખાઓનુંઆજેધારાસભ્યજનકભાઈ તળાવીયાના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યુંહતું.

આધુનિક સુવિભાઓથી સજ્જમામલતદાર કચેરીઅનેજનસેવા કેન્દ્ર શરૂ થવાથી બાબરા શહેર તેમજ તાલુકાનાંનાગરિકોનેસરકારીકામકાજ માટે વધુ સારી સુવિધાઓ ઉપલબ્ધ બનશે. જનસેવા કેન્દ્રમાં માધ્યમથી વિવિધ સરકારી સેવાઓનો લાભ મેળ વવામાં નાગરિકોને સરળતા રહે અને સરકારીકામગીરીવધુસુવ્યવસ્થિતબંને તેવા આશય સાથે આ સુવિધા શરૂ કરવામાં આવી છે.

લોકાર્પણ પ્રસંગે બાબરા મામલતદાર, લાઠીનાં પ્રાંત અધિકારી સહિત બાબરા શહેર અને તાલુકાનાં પદાધિકારીઓ, નગરપાલિકા પ્રમુખ, તાલુકા પંચાયતનાં પ્રમુખ, જિલ્લા પંચાયતનાં સભ્યો, સ્થાનિકઅગ્રણીઓ તેમજવિવિધવિભાગોનાંઅધિકારીઓ અને કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિતરહ્યાહતા.

આ નવીન સુવિધા બાબરા તાલુકાનાં વહીવટી તંત્રને વધુ કાર્યક્ષમ બનાવવાની સાથે સામાન્ય નાગરિકોને સરકારીસેવાઓ મેળવવામાં ઉપયોગી સાબિત થશે. આ આધુનિક સુવિધાઓ સાથેની આ કચેરીમાં સરકારી કામગીરીમાંસરળતાઆવેઅનેલોકોને સમયસર સેવાઓનો લાભ મળે તેવી આશા વ્યકત કરવામાં આવી.

આધુનિક વહીવટી સુવિધાઓનો લોકાર્પણ સાથે બાબરા તાલુકાનાંવિકાસઅનેજનસુવિધાનાંક્ષેત્રે વધુએકમહત્વપૂર્ણપગલુંઉમેરાયુંછે.

# મોટી કુંકાવાવ ખાતે ભવ્ય રાસોત્સવનું થયું આયોજન



વડિયા, તા. ૨૪

મોટી કુંકાવાવ નિલકંઠ મહાદેવ મંદિર (દેવળ)નાં પટાંગણમાં અમરેલીનાં પ્રખ્યાત એવાં રાસ મંડળ દ્વારા પ્રાચિન રાસ સાથે તલવાર રાસનું પણ સુંદર આયોજન કરવામાં આવેલ હતું. જેમા જેસીંગપરા યુવક રાસ મંડળે વિવિધ રાસ રમી સૌ કોઈને મંત્રમુગ્ધ કર્યા હતા.

આ પ્રસંગે પધારેલ ગામનાં સાધુ સંતો મહંતો, અગ્રણીઓ, પત્રકાર મિત્રો સાથે ગ્રામજનોનું પણ સન્માન કુંકાવાવ સરપંચ સંજયભાઈ લાખાણી (ફૌજી), તલાટી કમ મંત્રી મીલનભાઈ કટારીયા તેમજ ગ્રામ પંચાયત ટીમ દ્વારા શાલ ઓઢાડી સન્માનીત કરવામાં આવેલા હતું. વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ગ્રામજનોને આવકારી સત્કારવા માં આવેલ હતાં.

રાત્રે ૧૧:૩૦ કલાકે કુકાવાવનાં જાણીતા ઉગતાં કલાકાર એવાં હિરેનભાઈ ગોસાઈ, બીનાબેન શુકલ (અમરેલી), લયાબા રાજપુત (અમરેલી), મયંકભાઈ તેમજ ઓરકેસ્ટ્રા ટીમ દ્વારા સુંદર ગરબા તેમજ ગીતો રજું કરવામાં આવેલ હતાં. જયારે ખેલૈયાઓએ પણ દિલથી રાસની રમઝટ માણી હતી. લોક લાગણીને માન આપી યોજાયેલા આ સુંદર કાર્યક્રમની શુભકામનાં તેમજ આશીર્વાદ પણ ગ્રામજનોએ સરપંચ સંજયભાઈ લાખાણીને આપ્યા હતા. ગામમાં સતત સારાં કાર્યો થતાં રહે તેમજ પ્રગતિની હરણફાળ ભરતું રહે એવી લાગણીઓ પણ વ્યક્ત કરવામાં આવેલ હતી.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા મયુરભાઈ સાનિયા તેમજ જીતેન્દ્રભાઈ દવે (મુનાભાઈ), યોગેશભાઈ દવે દ્વારા જહેમત ઉઠાવી હતી. વ્યવસ્થાનાં ભાગરૂપે કુંકાવાવ પોલીસ સ્ટેશન સ્ટાફ તેમજ હોમગાર્ડ જવાનોની પણ ઉપસ્થિતિ રહેલ હતી.

### ધારાસભ્ય મહેશભાઈ કસવાળા અને અગ્રણીઓની ઉપસ્થિતિમાં

# સાવરકુંડલાના દરબારગઢ ખાતે શ્રમિક અન્નપૂર્ણા યોજનાનો શુભારંભ

## ૫ રૂપિયામાં શ્રમિકોને મળશે પૌષ્ટિક ભોજન



સાવરકુંડલા, તા. ૨૪

વિકાસના સાચા ઘડવૈયા એવા શ્રમિકોના કલ્યાણ અને આરોગ્ય માટે રાજય સરકારે વધુ એક સંવેદનશીલ નિર્ણય લીધો છે. અમરેલી જિલ્લાના સાવરકુંડલા શહેર ખાતે આવેલ ઐતિહાસિક દરબારગઢ પરિસરમાં ‘શ્રમિક અન્નપૂર્ણા યોજના’નો સ્થાનિક ધારાસભ્ય મહેશભાઈ કસવાળા, નગરપાલિકા પ્રમુખ તથા અન્ય અગ્રણીઓની ખાસ ઉપસ્થિતિમાં ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો હતો.

આ યોજના અંતર્ગત સાવરકુંડલાના શ્રમિકોને દરરોજ માત્ર ૫ ની ટોકન દરે પૌષ્ટિક અને સાંત્વિક ભોજન મળી રહેશે.

કાર્યક્રમ દરમિયાન ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ પોતે હાજર રહીને શ્રમિકોને સ્વયં ભોજન પીરસ્યું હતું અને શ્રમજીવીઓ પ્રત્યે આદર અને સન્માનની લાગણી વ્યક્ત કરી હતી. શ્રમિકો સાથે બેસીને યોજનાની ગુણવત્તા અને વ્યવસ્થા અંગે પણ તેમણે માહિતી મેળવી હતી.

આરોગ્ય સેવાઓની સમીક્ષા, અન્નપૂર્ણા યોજનાના પ્રારંભ સાથે જ ધારાસભ્યએ સ્થળ પર ઉપસ્થિત ‘ધનવંતરી આરોગ્ય રથ’ની પણ મુલાકાત લીધી હતી. તેમણે શ્રમિકો માટે ઉપલબ્ધ આરોગ્ય તપાસ, દવાઓ અને અન્ય તબીબી સુવિધાઓની ઝીણવટભરી સમીક્ષા કરી સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી. આ પ્રસંગે નગરપાલિકાના પ્રમુખ, સ્થાનિક રાજકીય અને સામાજિક અગ્રણીઓ, અધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં શ્રમિક ભાઈ–બહેનો ઉપસ્થિત રહ્યા હતા. આ યોજના શરૂ થવાથી સાવરકુંડલાના શ્રમજીવી વર્ગમાં ભારે હર્ષ અને આનંદની લાગણી વ્યાપી ગઈ છે.

### ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની પ્રેરણાદાયી ઉપસ્થિતિમાં

# સાવરકુંડલાના શ્રી મહિલા અધ્યાપન મંદિરમાં ‘વેલકમ ડે’ની ઉજવણી

## નવપ્રવેશિત તાલીમાર્થી બહેનોને આવકારવા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો



સાવરકુંડલા, તા. ૨૪

સાવરકુંડલા સ્થિત શ્રી મહિલા અધ્યાપન મંદિર ખાતે પ્રથમ વર્ષમાં નવપ્રવેશ મેળવેલ તાલીમાર્થી બહેનો માટે દ્વિતીય વર્ષની બહેનો દ્વારા ‘વેલકમ ડે (આગમન પર્વ)ની અત્યંત હર્ષોલ્લાસ અનેઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.

આ ઉત્સવમય પ્રસંગે સાવરકુંડલા ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, નગર પાલિકા પ્રમુખ તેમજ ભાજપ અગ્રણીઓ સમેત નૂતન કેળ વણી મંડળના ટ્રસ્ટીઓ વિનુભાઈ રાવળ, મુકુંદભાઈ નાગ્રેચા, મહિલા મંડળના પ્રમુખ નીલાબેન વાઘાણી, ઉપપ્રમુખ નિરંજનાબેન, કાન્તાબેન સાવલિયા, મનીષાબેન, દેવીબેન ઓઝા તેમજ બટુકભાઈ સહિત વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ અને મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન પ્રાસંગિક ઉદ્‌બોધન આપતાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ સંસ્થા સાથેની પોતાની આત્મીયતા વ્યક્ત કરી હતી અને તાલીમાર્થી બહેનોને ઉજજવળ ભવિષ્ય માટે પ્રોત્સાહિત કરી હતી. તેમણે શરદપૂર્ણિમાના રાસ–ગરબા મહોત્સવમાં ભાગ લેવા માટે બહેનોને ભાવભર્યું નિમંત્રણ પાઠવ્યું હતું તથા છાત્રાલયની દીકરીઓ માટે વિનામૂલ્યે પાસની સુવિધા પૂરી પાડવાની ઉમદા જાહેરાત કરી હતી. આ સાથે જ તેમણે સંસ્થાના સર્વાંગી વિકાસ માટે તમામ શકય સહયોગ આપવાની ખાતરી પણ ઉચ્ચારી હતી.

આ પ્રસંગે દ્વિતીય વર્ષની તાલીમાર્થી બહેનો દ્વારા મનમોહક સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી, જેણે ઉપસ્થિત સૌ કોઈના મન મોહી લીધા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન અને સંચાલન અધ્યાપનમંદિરના સ્ટાફગણ તથા તાલીમાર્થી બહેનોની જહેમતથી શાનદાર રીતે સંપન્ન થયું હતું.એમ રવિ જોષીની એક યાદીમાં જણાવાયું હતું.




### રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાનાં વરદ્ હસ્તે

# અમરેલીના ટીંબા ગામે પ્રાથમિક શાળાના સુદ્રઢીકરણ માટે રૂ.૫૪ લાખથી વધુની રકમના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત

## સમગ્ર શાળા પરિસરની ફરતે મજબૂત દીવાલનું નિર્માણ થશે



અમરેલી, તા. ૨૪

રાજય સરકાર દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં શિક્ષણના સ્તરને વધુ ઉન્નત બનાવવા અને માળખાકીય સુવિધાઓ સુદ્રઢ કરવાના ભગીરથ પ્રયાસો સતત હાથ ધરવામાં આવી રહ્યા છે. આ જ કડીના ભાગરૂપે, આજરોજ અમરેલી તાલુકાના ટીંબા મુકામે રાજયમંત્રી કૌશિકભાઈ વેકરિયાના હસ્તે અંદાજે રૂ. ૫૪ લાખથી વધુની રકમના વિવિધ જનહિત અને શૈક્ષણિક વિકાસકાર્યોનું વિધિવત ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ વિકાસ કાર્યો અંતર્ગત ટીંબા ગામની પ્રાથમિક શાળાના આધુનિકીકરણ અને વિદ્યાર્થીઓની સુવિધા પર વિશેષ પ્રયાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. રાજયમંત્રીના હસ્તે કરાયેલા ખાતમુહૂર્ત બાદ હવે શાળામાં કુલ ૦૨ નવા અત્યાધુનિક વર્ગખંડો (ઓરડા), સ્વચ્છતાને પ્રાધાન્ય આપતો શૈચાલય બ્લોક, તેમજ વિદ્યાર્થીઓને પૌષ્ટિક આહાર મળી રહે તે માટે આધુનિક મધ્યાહન ભોજન રસોડાનું બાંધકામ હાથ ધરવામાં આવશે.

આ ઉપરાંત, બાળકોની સુરક્ષાને સર્વોચ્ચ અગ્રતા આપતા સમગ્ર શાળા પરિસરની ફરતે મજબૂત સંરક્ષણ દીવાલ (બાઉન્ડ્રી વોલ)નું નિર્માણ પણ આ પ્રોજેકટ અંતર્ગત કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, છેવાડાના ગામડાં સુધી ઉત્તમ શિક્ષણ અને શ્રેષ્ઠ સુવિધાઓ પહોંચાડવા માટે સરકાર કટિબદ્ધ છે. શાળાના આ નવા પ્રકલ્પો પૂર્ણ થતાં જ સ્થાનિક વિદ્યાર્થીઓને ભણવા માટે વધુ સુરક્ષિત, સ્વચ્છ અને પ્રેરણાદાયી વાતાવરણ પ્રાપ્ત થશે.

ટીંબા મુકામે ખાતમુહૂર્ત પ્રસંગે જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના હોદ્દેદારો, અગ્રણીઓ, બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ગુજરાત રાજયમાં સૌપ્રથમ પ્રોજેક્ટ સાકાર થઈ રહ્યો છે

# શેડુભાર ગામે નેપિયર ઘાસમાંથી CNG બનાવાશે

પ્રોજેક્ટથી સ્થાનિક ખેડૂતોને ખેતીમાં નવો વિકલ્પ મળવાની સાથે આવકનો વધારાનો સ્રોત મળશે

જેમાં ૭૦૦ વીઘાથી વધુ જમીન પર નેપિયર ઘાસનું ઉત્પાદન કરવાની યોજના

ખેડૂતો પોતાનાં ખેતરમાંથી ઘાસ ઉગાડશે અને કરાર મુજબ કંપનીને વેચાણ કરશે

ઉર્જા રાજયમંત્રી કૌશિક વેકરિયાએ સ્થળ પરીક્ષણ કરી યોજના અંગે માહિતી મેળવી



અમરેલી, તા. ૨૪

ભારત અને ગુજરાત ગ્રીન એનર્જી ક્ષેત્રે નવી દિશામાં આગળ વધી રહ્યા છે, ત્યારે અમરેલીના શેડુભાર ગામેથી ગુજરાત માટે ગૌરવપૂર્ણ સમાચાર સામે આવી રહ્યા છે. શેડુભાર ખાતે જતીનભાઈ ગજેરા દ્વારા સ્થાપિત કરવામાં આવી રહેલા ગોપીનાથ બાયોગેસ પ્લાન્ટમાં નેપિયર ઘાસમાંથી કમ્પ્રેસ્ડ નેચરલ ગેસ (સીએનજી) બનાવવાની યોજના આકાર લઈ રહી છે. આ પ્રોજેકટની કામગીરી અને ગેસ ઉત્પાદનની પ્રક્રિયા અંગે માહિતી મેળવવા માટે રાજયના ઉર્જામંત્રી કૌશિક વેકરીયાએ પ્લાન્ટની મુલાકાત લઈ સમીક્ષા કરી હતી.

આ મુલાકાત દરમિયાન ઉર્જામંત્રીએ નેપિયર ઘાસમાંથી બાયોગેસ અને સીએનજી ઉત્પાદન કરવાની પ્રક્રિયા અંગે જાણકારી મેળવી હતી. પ્લાન્ટના સંચાલકો દ્વારા સમગ્ર પ્રોજેકટની કામગીરી અને ભવિષ્યની યોજનાઓ અંગે તેમને માહિતગાર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ઉર્જામંત્રીનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

ગોપીનાથ બાયોગેસ પ્લાન્ટની વિશેષતા એ છે કે તેમાં ગેસ ઉત્પાદન માટે નેપિયર ઘાસનો ઉપયોગ કરવામાં આવશે. આ પ્રોજેકટથી સ્થાનિક ખેડૂતોને ખેતીમાં નવો વિકલ્પ મળવાની સાથે આવકનો વધારાનો સ્ત્રોત ઊભો થવાની શકયતા છે. પ્લાન્ટ માટે ખેડૂતો સાથે સીધા કરાર કરવામાં આવ્યા છે, જેમાં ૭૦૦ વીઘાથી વધુ જમીન પર નેપિયર ઘાસનું ઉત્પાદન કરવાની યોજના છે. ખેડૂતો પોતાના ખેતરમાં આ ઘાસ ઉગાડશે અને કરાર મુજબ કંપનીને વેચાણ કરશે.

આ વ્યવસ્થાથી ખેડૂતોને પાકના વેચાણ માટે સીધું બજાર મળી શકે છે, જયારે બાયોગેસ પ્લાન્ટને ગેસ ઉત્પાદન માટે જરૂરી કાચો માલ સ્થાનિક સ્તરે ઉપલબ્ધ થશે. પરિણામે ખેતી અને ગ્રીન એનર્જી ક્ષેત્ર વચ્ચે નવું જોડાણ ઊભું થવાની આશા છે.

રાજયના ઉર્જામંત્રી કૌશિક વેકરીયાએ પ્રોજેકટની કામગીરીની માહિતી મેળવ્યા બાદ નેપિયર ઘાસ આધારિત સીએનજી પ્લાન્ટ સ્થાપવાના પ્રયાસ બદલ જતીનભાઈ ગજેરા અને તેમના પરિવારને શુભેચ્છાઓ પાઠવી હતી. પર્યાવરણના જતન સાથે ખેડૂતોની આર્થિક સમૃદ્ધિ વધારવામાં આવા પ્રોજેકટ મહવની ભૂમિકા ભજવી શકે છે તેવી લાગણી પણ વ્યકત કરવામાં આવી હતી.

શેડુભાર ખાતે આકાર લઈ રહેલો ગોપીનાથ બાયોગેસ પ્રોજેકટ સફળતાપૂર્વક કાર્યરત થાય તો અમરેલી જિલ્લા માટે ગ્રીન એનર્જી અને કૃષિ ક્ષેત્રે નવી તક ઊભી થઈ શકે છે. નેપિયર ઘાસની ખેતીથી લઈને ગેસ ઉત્પાદન સુધીની આ વ્યવસ્થા આગામી સમયમાં સ્થાનિક ખેડૂતોને કેટલો લાભ આપે છે અને પર્યાવરણલક્ષી ઊર્જા ક્ષેત્રે કેવું પરિણામ લાવે છે તેના પર સૌની નજર રહેશે.

## શહેર તાલુકા ઠાકોર સેના દ્વારા

# બાબરા ખાતે પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાનાં ઉપાઘ્યક્ષ ભુપેન્દ્રભાઈ બસીયાનું સન્માન

### બક્ષીપંચ સમાજને મજબુત બનાવવા આહ્વાન

બાબરા, તા. ૨૪

ભારતીય જનતા પાર્ટીમાં સંગઠનાત્મક કામગીરી અને સમાજ સેવાના ક્ષેત્રે સક્રિય એવા પૂર્વ શિક્ષણ સમિતિના ચેરમેન તથા પૂર્વ અમરેલી જિલ્લા ભાજપ મહામંત્રી ભૂપેન્દ્રભાઈ બસિયાની ગુજરાત પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાના ઉપાધ્યક્ષ તરીકે વરણી થતાં બાબરા શહેર અને તાલુકા ઠાકોર સેના દ્વારા તેમનું સન્માન કરી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

ભૂપેન્દ્રભાઈ બસિયાની પ્રદેશ કક્ષાએ મહત્વપૂર્ણ જવાબદારી માટે પસંદગી થતાં ઠાકોર સમાજમાં આનંદની લાગણી પ્રસરી હતી. આ પ્રસંગે ઠાકોર સેનાના આગેવાનો, હોદ્દેદારો અને સમાજના યુવાનો ઉપસ્થિત રહી તેમનું સન્માન કર્યું હતું. આ સાથે ભૂપેન્દ્રભાઈ બસિયાએ ઉપસ્થિત સમગ્ર ઠાકોર સેના અને સમાજના આગેવાનોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે ભૂપેન્દ્રભાઈ બસિયાએ જણાવ્યું હતું કે, માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આપણે સૌએ સાથે મળીને સમગ્ર બક્ષીપંચ સમાજને સામાજિક, શૈક્ષણિક, આર્થિક અને રાજકીય ક્ષેત્રે વધુ સશક્ત અને મજબૂત બનાવવા માટે સંકલ્પબદ્ધ થવું જોઈએ. સમાજના દરેક વર્ગના સર્વાંગી વિકાસ માટે સંગઠિત પ્રયાસો, શિક્ષણ પ્રત્યે જાગૃતિ અને યુવાનોની સક્રિય ભાગીદારી ખૂબ જ જરૂરી છે.



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

તેમણે ઠાકોર સેના દ્વારા કરવામાં આવેલા સન્માન બદલ સેનો આભાર વ્યક્ત કરતાં સમાજના ઉત્થાન અને વિકાસ માટે સે સાથે મળીને કાર્ય કરતા રહેવાની લાગણી વ્યક કરી હતી. આ સન્માન કાર્યક્રમમાં ભૂપતભાઈ મકવાણા, અમરેલી જિલ્લા ઠાકોર સેનાના મહામંત્રી ખોડલભાઈ મકવાણા, બાબરા તાલુકા ઠાકોર સેનાના પ્રમુખ લાલભાઈ મકવાણા, નગર પાલિકાના સદસ્ય મહેશભાઈ પીપળવા, પાલિકાના સદસ્ય અશ્વિનભાઈ મકવાણા, જેઠાભાઈ, વિપુલભાઈ પીપળવા, મનસુખભાઈ, દિનેશભાઈ, લાલભાઈ, સંજયભાઈ, મુકેશભાઈ, કિરણભાઈ, રવજીભાઈ, દીપકભાઈ સહિત ઠાકોર સેનાના આગેવાનો, કાર્યકરો અને સમાજના યુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમાજનું સંગઠન, શિક્ષણનો વિકાસ અને સર્વાંગી પ્રગતિના સંકલ્પ સાથે યોજાયેલા આ સન્માન કાર્યક્રમમાં સામાજિક એકતા અને સંગઠન શક્તિનો સંદેશ પ્રસર્યો હતો.

## રામાનંદી સાધુ સમાજ દ્વારા

# અમરેલીમાં આજે રાત્રિનાં શરદોત્સવની ઉજવણી

### રામાનંદી સાધુ સમાજને પધારવા અનુરોધ

અમરેલી, તા. ૨૪

અમરેલી શહેર રામાનંદી સાધુ સમાજ દ્વારા પ્રથમ શરદોત્સવ, રાસોત્સવની ઉજવણી કરવાનું નકકી કરેલ છે. તા.૨૫/૧૦/૨૦૨૬ રવિવારન રોજ વ્રજભૂમિ પાર્ટી પ્લોટ ચિતલરોડ ખાતે આ ભવ્ય કાર્યક્રમ ઉજવાશે. કાર્યક્રમને સફળ બનાવવા અમરેલી શહેર રામાનંદી સાધુ સમાજ કારોબારી ટીમ તન તોડ મહેનત કરી રહી છે.

આ કાર્યક્રમ માટે કો.સ્પોન્શર શિપ નારી IVF હોસ્પિટલ, નિલકંઠ જવેલર્સ, ઈનામના દાંતા અસર મોબાઈલનો સહકાર મળેલ, શાંતી બંધુ દ્વારા ઉદાર હાથે આર્થિક સહયોગ મળેલ હતો. કારોબારી ટીમ દ્વારા અમરેલી શહેરમાં વસતા રામાનંદી સાધુ સમાજનાં પરિવારોને કાર્યક્રમમાં સહભાગી થવા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવે છે.

કાર્યક્રમ સાંજે ૭:૩૦ કલાકે થી શરૂ થશે, જ્ઞાતિજનો પુરતો સિમીંત કાર્યક્રમ હોઈ. ખેલૈયાઓ ટ્રેડીશનલ ડ્રેસમાં આવવા વિનંતી. તેમ મંત્રી જીતુભાઈ ચરણદાસની યાદી જણાવવામાં આવે છે.

## પુર્વ નગરસેવિકાએ ચીફ ઓફિસરને પત્ર પાઠવ્યો

# અમરેલીનાં વોર્ડ નં.-૯માં ખાતર સ્ટેન્ડ બંધ કરી મોબાઈલ કચરા વાહનની વ્યવસ્થા કરો

### કોમ્યુનીટી હોલ બનવાનો હોય સ્વચ્છતા જરૂરી

અમરેલી, તા. ૨૪અમરેલી એકસપ્રેસ – અમરેલી

૮ ત ા .

૨૫-૧૦-૨૦૨૬*પીઆરબી

એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)



# અમરેલી જિલ્લામાં

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૧૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

Jaydeep Rayththa
Mo. 98980 52364
PRIME PROPERTY
Sell • Purchase • Lease
Commercial • Residential • Plotting
Member of
RPCA
NATIONAL ASSOCIATION OF REALTORS - INDIA
413, Star Plaza, Phulchhab Chowk, Rajkot
+91 98980 52364 / 93770 03636
Jaydeep Rayththa1983@Gmail.Com












# ગોરે ગોરે ચાંદ સે મુખ પર કાલી કાલી આંખે હૈ.. દેખ કે જીન કો.... તુમ બિન જીવન કેસે.. બિતા.. પુછો મેરે દિલ સે.. હાએ.. પુછો મેરે દિલ મે દેખું જિસ ઔર સખીરી. સામને મેરે સાવરીયા.. સામને મેરે સાવરીયા

**પ્રકરણ-૩૦૭ -૧૯૬૭**

**પ્રિય વાચક મિત્રો,**

આજ શરદ પુર્ણિમાનો પવિત્ર તહેવાર છે, તમામ વાચક મિત્રોનું જીવન પુર્ણિમાના ચાંદ જે સોળ કળાએ ખીલે છે, તેવું પ્રજવલિત રહે તેવી શુભ કામનાઓ...

૧૯૬૭ ના ફિલ્મી સફરમાં આપણે આજથી ૧૯૬૭ ની ટોપ ટેન ફિલ્મો વિષે વાત કરીશું, સાથે મનોજ કુમાર અને મિસ્ટ્રી ગર્લ સાધનાની ફિલ્મ વિષે વાત કરીશું. ટોપ ટેન ફિલ્મો માં આ વર્ષે સુનિલ દત સૌથી વધુ સફળ અભિનેતા રહ્યા, તેમની ૧૯૬૭ માં ત્રણ ફિલ્મ આવી અને એ તમામ ફિલ્મ ટોપ ટેનમાં સામેલ રહી, એટલે ૧૯૬૭ના સુપર સ્ટાર સુનિલ દત રહ્યા, મનોજ કુમારની બે ફિલ્મો સુપર હિટ રહી, અને એક પ્રથમ નંબરના સ્થાને રહી, અને મનોજ કુમારની હિન્દી સિનેમા માં એક અલગ ઓળખ તે ફિલ્મ દ્વારા ઊભી થઈ. અશોક કુમાર એટલે કે દાદા મુનિની બે ફિલ્મો સુપર હિટ રહી, જેમાં દાદા મુનિ એ બન્ને ફિલ્મોમાં વિપરીત ભૂમિકા આભજવી અને સાબિત કર્યુ કે દાદા મુનિ એ એમને એમ બિરૂદ મળતું નથી. દિલિપ કુમાર, દેવ આનંદ,૧૯૫૦ થી સુપર હિટ ફિલ્મો આપી રહ્યા છે અને આ વર્ષે પણ બન્નેની ફિલ્મો ટોપ ટેનમાં રહી, શમ્મી કપૂર અને જોય મુખર્જી એ તેમની લોકપ્રિયતા જાળવી રાખી અને સુપર હિટ ફિલ્મો આપી. આ વર્ષે નવા નાયક જીતેન્દ્રને જેક પોટ સમાન સુપર હિટ ફિલ મળી. અને જીતુ આ સફળતા બાદ હિન્દી સિનેમામાં એક અલગ ઓળખ જંપીંગ જેક ની અને ભારતના જેમ્સ બોન્ડની ઈમેજમાં જોડાશે. અભિનેત્રીમાં નુતન અને વહિદા રહેમાનને બે ફિલ્મો સુપર હિટ મળી, જયારે શર્મિલા ટાગોર, આશા પારેખ, મુમતાઝ, બબીતા, વૈજયંતી માલા, તનુઝા, ને જબરી સફળતા મળી... મુમતાઝને મુખ્ય




અભિનેત્રીરૂપેની આ પ્રથમ સુપર હિટ ફિલ્મ પ્રાપ્ત થઈ. અને હિન્દી સિનેમા માં પ્રથમ ફિલ્મથી જ સફળતા મેળવનાર અભિનેત્રીઓની યાદીમાં વિમી પણ જોડાયા જેની વાત તેમની ફિલ્મો સાથે કરીશું. સંગીતમાં લક્ષ્મીકાન્ત પ્યારેલાલ સૌથી વધુ સફળ સંગીત કાર રહ્યા, તેમના સંગીત માં ચાર ફિલ્મો, અને રવિના સંગીતમાં બે ફિલ્મો આવી, નૌશાદ, એસ ડી બર્મન, કલ્યાણજી આનંદ જી, શંકર જયકિશનના ફાળે એક એક ફિલ્મો આવી. હવે વાત કરીયે આ વર્ષ નીદસમા નંબરની સુપર હિટ ફિલ્મ વિષે

મહેરબાન - એ.વી.એમ.એટલે કે એ.વી.મય્યપનના નિર્માણમાં અને એ ભીમસિંગના સ્ક્રીન પ્લે અને નિર્દેશનમાં આ ફિલ્મ આવી.૧૯૫૩ની બંગાળી ફિલ્મ જોગ બિયોગની આ ફિલ્મ રિમેક છે. રાજેન્દ્ર કૃષ્ણના સંવાદ અને ગીત, ફિલ્મની પટકથા આશા પુર્ણા દેવી હતી. ફિલ્મનું સંગીત રવિ એ આપ્યું છે, ફિલ્મમાં અશોક કુમાર, સુનિલ દત, નુતન, રમેશ દેવ, સુલોચના, શ્યામા, શશિકલા, ભારતી, સુદેશ કુમાર, રાજ મહેરા, કેસ્ટો મુખર્જી, મુકરી, અને મેહમુદે અભિનય આપ્યો છે.

સયુંક્ત પરિવાર એ કોઈપણ પરિવારને સુખ અને શાંતિની સાથે સમૃદ્ધિ આપે છે, તેમાં કોઈ શંકા નથી, પણ આજે પરિવાર અલગ થતો જોવા મળે છે, આ વાત ૧૯૬૦ ના સમયથી ચાલી આવે છે, તે આ ફિલ્મમાં ચિત્રિત કરાયું છે. કોઈ પરિવારમાં વૃદ્ધ વ્યક્તિની આવક હોય, તેનો સમાજ માં માન અને મરતબો હોય એટલે સંતાનો માટે તે પૂજય હોય છે, પણ જો તે વૃદ્ધ નિસહાય થઈ જાય, આવક બંધ થઈ જાય તો આ કલિયુગમાં સગા દીકરાઓ પણ સાથ આપતા નથી. આવી કહાની આ ફિલ્મ ની છે. પણ જે વ્યક્તિ પર કોઈએ મહેરબાની કરી હોય, એટલે કે કોઈ આશા વગર જે તે વ્યક્તિ ને મદદ મળી હોય તેવી વ્યક્તિ તેને આશરો આપનાર કે મદદ કરનારને કદી ભૂલતી નથી.અહી એક અનાથ બાળકને પુત્રની જેમ ઉછેર્યો છે, તે બાળક યુવાન થયા બાદ, ફિલ્મના વૃદ્ધ અને અસહાય અશોક કુમારને સન્માન આપે છે. આવી કહાની ની આ ફિલ્મ

**ફિલ્મી સફર**
(એક ઈતિહાસ)
**હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬**

આગામી સમયની રાજેશ ખન્નાની અવતાર અને અમિતાભની બાગબાન ફિલ્મો માટેની પ્રેરણા બનશે. આ ફિલ્મ સુનિલ દત, અશોક કુમાર અને નુતનના ભાવનાત્મક અભિનયના લીધે સફળ રહી.

ફિલ્મની કહાની ટૂંકમાં જોઈએ તો અશોક એક મોટો વેપારી છે અને ખૂબ જ અમીર છે, તે તેના ત્રણ પુત્રો સાથે અને તેમની પુત્રવધૂ સાથે રહે છે. અશોક અને તેની પત્ની વર્ષો પહેલા એક મંદિરથી એક અનાથ બાળકને ઘરે લાવી તેના પુત્રની જેમ ઉછેરી યુવાન બનાવેલ છે. અશોકના ભૂતકાળ ના મિત્રની પુત્રી નુતન જેનો સગો ભાઈ તેનાથી વિખૂટો પડી ગયો છે, તેને પણ ઘરે લાવે છે, અને તેને પોતાના ઘરની પુત્રવધૂ બનાવવા માંગે છે, પણ તેનો પુત્ર આ લગ્ન માટે રાજી ના થતાં, અશોકનો પાલક પુત્ર સુનિલ નુતન સાથે લગ્ન કરે છે. અશોક તેની પુત્રીના લગ્ન તેના અમીર મિત્ર રાજના પુત્ર સાથે નક્કી કરે છે. પરિવારની આ ખુશી અશોકને વેપારમાં નુકશાન જવાથી છીનવાઈ જાય છે. અશોકના સગા પુત્રો તેને મદદ કરતાં નથી, રાજ તેના પુત્રના લગ્ન અશોકની પુત્રી સાથે કરવાની ના કહે છે, અને અશોકનો ભવ્ય બંગલો તે લિલામી કરવા પણ તૈયાર થાય છે. અશોકને તેનો પાલક પુત્ર સુનિલ અને નુતન સહારો આપે છે, પામ સગા પુત્રો સાથ છોડી દે છે. અશોકનું નિધન થાય છે, સુનિલ રાજના પુત્રનો જીવ બચાવે છે, અને રાજ તે બગલો સુનિલના નામે કરે છે, સાથે તેના પુત્રના લગ્ન પણ અશોકની પુત્રી સાથે કરવા તૈયાર થાય છે. અને પરિવારમાં ખુશી પરત આવે છે.ફિલ્મનું બજેટ ૪૫ લાખ અને નફો સવા કરોડનો થયો અને આ ભાવનાત્મક ફિલ્મ વર્ષની દસમા નંબરની સુપર હિટ ફિલ્મમાં સામેલ થઈ. ફિલ્મમાં મહમુદપર ચિત્રિત રફી સાહેબ ના સ્વરનું ગીત મેરા ગધા બના હૈ લીડર અને રફી સાહેબના સ્વરના ગીત રેર સોંગમાં સામેલ છે. રમેશ દેવને આ ફિલ્મ બાદ હિન્દી સિનેમા માં વધુ ઓળખ મળી હતી. ફિલ્મ સફળ રહી.અનીતા - રાજ ખોસલાએ અલફર્ડ હીચકોકના ચાહક હતા, અને તેમની કથા અને ફિલ્મો પર થી તેઓ હિન્દી સિનેમા માં સસ્પેન્સ, કાઈમ ફિલ્મો આપી સફળતા મેળવી ચૂકયા હતા, વો કેન થી ? અને મેરા સાયા ફિલ્મ બાદ સાધનાને મિસ્ટ્રી ગર્લનું




ઉપનામ પણ રાજ ખોસલાથી મળ્યું હતું. આ ફિલ્મ પણ સસ્પેન્સ, હોરર અને કાઈમ ફિલ્મ છે. પણ આ ફિલ્મ સફળના રહી. ફિલ્મ એટલી નિરસતાથી આગળ વધે છે કે, પ્રેક્ષકો કંટાળી જાય છે, ફિલ્મનું સસ્પેન્સ સારૂં છે, પણ જે સસ્પેન્સ ફિલ્મોના ચાહક હોય છે તેવા પ્રેક્ષકોને સસ્પેન્સનો અંદાઝ આવી જાય છે. આ ફિલ્મ નું સંગીત પેહલા મદન મોહન જ આપવાના હતા, પણ મદન સાહેબે ફિલ્મની કથા વાંચી કહ્યું કે અગાઉની ફિલ્મોની જેમ જ આ ફિલ્મની કહાની છે, જેથી હું સંગીતમાં કઈ વિશેષ આપી શકીશ નહી, એટલે બીજા સંગીત કારને મોકો આપો. અને તે સમયે સફળ થતાં જતાં સંગીત કાર લક્ષ્મીકાન્ત પ્યારેલાલને આ ફિલ્મ મળી. અને શરૂ માં લતાજી એ પણ લક્ષ્મી પ્યારેનો વિરોધ કર્યો, તેમના મતે મદન મોહન જ આ ફિલ્મને સફળ સંગીત આપી શકે તેમ લાગતું હતું, પણ જયારે ફિલ્મના ગીતો તૈયાર થયા, ત્યારે લતા જી એપણ લક્ષ્મી પ્યારેને યોગ્ય ઠેરવ્યા હતા. આ સસ્પેન્સ ફિલ્મમાં એક સ્ત્રી દ્વારા વારંવાર ગવાતા ગીતને સ્થાન અપાયું જ નથી, તેના બદલે મુકેશજીના સ્વરમાં.. ગોરે ગોરે ચાંદ સે.. ગીતને વારંવાર રજૂ કરાયું છે. આ ફિલ્મ નિષ્ફળ રહી પણ ફિલ્મનું સંગીત આજે પણ યાદગાર ગીતો સાથે યાદ કરાય છે. રાજ ખોસલાના નિર્માણ અને નિર્દેશનમાં, ચંદ્ર કાન્તના સંવાદ, જી.આર. કામથની સ્ક્રીન પ્લે, રાજા મહેંદી અલી ખાન, આનંદ બક્ષી, આર જૂ લ્હાનવીના ગીત ( પેહલા આ ફિલ્મમાં માત્ર રાજા મહેંદી અલી ખાનના જ ગીત લેવા તેવું નક્કી હતું, પણ લક્ષ્મી પ્યારેને સંગીતનો હવાલો સોપાયા બાદ આનંદ બક્ષી ને ગીત મળ્યા હતા ). ની સાથે આ ફિલ્મમાં મનોજકુમાર, સાધના, મુકરી, ધુમાલ, ટૂન ટૂન, બિરબલ, સજ્જન, ઉલહાસ, ચાંદ ઉસમાની, શિવરાજ, બેલા બોઝ, મધુમતી, મીના ટી, આઈ એસ જોહર અને નવા કલાકાર કિશન મેહતાએ અભિનય આપ્યો હતો. કિશન મહેતાનો જન્મ ૨૨ -૧-૪૧ ના રોજ થયો હતો, અનીતા ફિલ્મ દ્વારા તેમને નામના મળી, તેઓએ ૧૮ જેટલી ફિલ્મોમાં અભિનય કરેલ છે, ચાર ફિલ્મોમાં સહાયક નિર્દેશક અને એક ફિલ્મમાં નિર્માતા પણ રહ્યા છે, તેઓ ૨૨-૧૨-૧૭ ના રોજ અમર થયા.

ફિલ્મની કહાની ટૂંકમાં જોઈએ તો, મનોજ અને સાધના એકબીજાને પ્રેમ કરે છે, સાધના એક અમીર પિતા સજ્જનની પુત્રી છે, સજ્જન સાધનાના લગ્ન તેના ભાગીદાર કિશન સાથે કરવા માંગે છે, અને મનોજને સાધનાથી અલગ થવા કહે છે. સાધનાની સગાઈના દિવસે સાધના ગુમ થઈ જાય છે, અને તેણે આત્મ હત્યા કરી છે, તે જાહેર થાય છે, અને તેગર્ભ વતી હતી તે પણ જાહેર થાય છે. મનોજ આ વાત માનવા તૈયાર નથી, કારણ સાધનાનો પત્ર તેને સાધનાએ આત્મ હત્યા કર્યાની વાત જાહેર થાય બાદ બે દિવસ પછીનો લખેલ મળેલ છે. મનોજને કિશન સાધનાનું ચરિત્ર સારૂંના હતું તેવા પુરાવા તસવીર સાથે રજૂ કરે છે, તે તસવીર જોહરે બનાવી છે, મનોજ તેને મળે છે, તે પણ સાધનાને ચરિત્ર હિન સાબિત કરે છે, મનોજ આ બધી બાબતથી પરેશાન છે તેમાં સાધના તેને જીવિત જોવા મળે છે, મનોજની માનસિક હાલત બરાબર નથી સમજી તેને દાર્જિલિંગ લઈ જવાય છે, પણ ત્યાં મનોજને સાધના એક સાંધ્વીના રૂપે જોવા મળે છે, ત્યારબાદ તે સાંધ્વી મૃત્યુ પામે ૨૫ વર્ષ થયા ના પુરાવા તેને મળે છે, સાધના તેમ છતા મનોજને દેખાતી રહે છે, અને અંતે રહસ્ય ખૂલે છે, કિશને તેની ગર્ભ વતી પ્રેમિકાની હત્યા કરી સાધના અને સજ્જનને કેદ કરી આ રહસ્યના જાળ ાં કર્યા હતા. કિશન પોલીસના હાથે માર્યો જાય છે, અને મનોજ અને સાધના એક થાય છે. ફિલ્મ નું જમા પાસું ફિલ્મનું સંગીત રહ્યું હતું. ફિલ્મની કથા થોડી નબળી રહી અને ખોસલા અને સાધનાની સસ્પેન્સ ફિલ્મોની એક સિરીજનો આ સાથે અંત આવ્યો. આગામી અંકમાં મનોજ કુમારની સંગીત મય સુપર હિટ ફિલ્મ સાથે મળીશું. આભાર. હિતેશ જોશી.

# ॥ સુખની સુનામી લાવો આપને આંગણે ॥

## સુખી અને સાર્થક જીવનનું રહસ્ય



**ડો. ધીરજકુમાર વ્યાસ**
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા

રૂપા અને રાજુ કફોરેનની ટુરમાં યુરોપ આવયા છે. ત્યાંનો સમાજ કુંટુંબ વ્યવસ્થા જુએ છે. રાતે બન્ને ચર્ચા કરે છે. સંસ્કૃતિ સભ્યતા, રીતરિવાજ લગ્નજીવન વિશે ખુબ વાતો થાય છે. તેમની વાતોના સાર રૂપે કેટલીક સત્ય ઘટનાઓ ખુબ ટુંકમાં આપણને વિચાર કરવા પ્રેરે છે.

રાજુ રૂપાને વાત કહે છે : અમદાવાદ આપણા ફલેટની સામે મારો મિત્ર પરવ રહે છે. ચાર મહિના પહેલા પરવના મમ્મી બાથરૂમ પડી ગયા હતા. થાપાનું હાડકું ભાંગી જતા સંપૂર્ણ પથારી વશ થયા છે. પરવની પત્ની પુર્વી સોફટવેર કંપનીમાં ખુબ ઉંચા હોદા ઉપર નોકરી કરે છે. આંસુની સારવાર માટે બે મહિના કપાત પગારે રજા લઈ ઘરનું તમામ કામકાજ સંભાળ્યું સાથે સાસુની સંપૂર્ણ સેવા કરી પથારીમાં જ ઝાડો -પેશાબ, સ્નાન કરાવવું કપડા બદલવા વગેરે પરવે પૂર્વીને કહયું આપણે આ માટે નર્સ રાખી લઈએ. પરંતુ પૂર્વીએ કહયું, હા, જરૂર રાખી લઈશું પરંતુ હમણા નહિ. આમ કહી તેને સસરાની પણ સેવા કરી સમયસર ભોજન નાસ્તો વગેરે પરવે વાત પુરી કરી એટલે રૂપાએ તેમની બહેન કૃપાની વાત કરી. મારી બહેન કૃપાનાં લગ્ન કેવલ સાથે થયા છે. કેવલ મધ્યમવર્ગનો સરકારી કર્મચારી છે. લગ્ન વખતે સોનું ખરીદવા બજારમાં ગયા. કૃપાને જે ગમે તે લઈ દેવા સાથે લઈ ગયા. કૃપાએ કહયું મમ્મી મને ઘરેણાનો શોખ નથી. રિવાજ મુજબ જ ખરીદો સોનું હાલ ઘણું મોંધુ છે. કેવલે લગ્ન માટે લોન લીધી છે. કૃપાના સાસુ આશાબેને કહયું : બેટા, તારી વાત સાચી છે. મારી પાસે બે તોલાનો હાર, બે તોલાની બંગડી, વગેરે જે છે તે આપીને તને ગમે તેવા ઘાટનો હાર વગેરે બનાવી એ." લગ્ન સરસ રીતે પુરા થયા. સંજોગો, સમય કરવટ બદલે છે. કૃપાને પણ સરસ નોકરી મજા ગઈ. થોડા વરસ પછી કૃપાના સાસુ આશાબેનનો જન્મદિવસ હતો. તે દિવસે સાંજે કૃપા ઓફિસેથી આવી સાસુને પગે લાગીને કહયું : "મમ્મી હું તમારા માટે નાનકડી ભેટ લાવી છું. 'કેવલને બોલાવ્યો. અને કહયું : "મમ્મી તમે અમારા લગ્ન માટે તમે હાર-બંગડી મને આપી દીધા હતા. હવે અમે બચત કરીને તમારા માટે પાંચ તોલાનો હાર અને ચાર તોલાની ચાર બંગડી લાવ્યા છીએ. હું મારા હાથે તમને પહેરાવવા માંગું છું. આશાબેનની આંખમાંથી આંસુ વહેવા લાગ્યા બોલ્યા, તમે છોકરાઓ પહેરો, હું તો જોઈને રાજી થાવ છું. કહી હેત પુર્વક કૃપાના ગળામાં જ હાર પરોવ્યો. નેધરલેનડ માં આવો પ્રસંગ બનશે ? આશાબેન કહે તમે પહેરો તો સારા લાગો. કૃપા કહે.... દાગીના પહેરવાથી સારા ન લાગીએ વાણી, વર્તન, વિચાર, વ્યવહારથી સારા લાગીએ દાગીનાં અને દેખાવને શું ?

કૃપાએ પછી બે સુંદર કવિતા વાંચી જેનો સાર કુંટુંબ ભાવના વ્યકત કરવાનો હતો. કવિતાનું શીર્ષક પંકિત : સમજણની સુવાસ મહેકે તો... મહેંકે ઘર પરિવાર.. .જીવન આખું અત્તર... અત્તર... રાજુએ ગુજરાતી પાઠય પુસ્તકના બે કાવ્યોની વાત કરી... કાવ્યોની પંકિતઓએ બન્ને આંસુ આવ્યા.. ઘર યાદ આવ્યું.... ગામડાનાં ખોરડે કબુતર બેસી ઘૂ... ઘૂ... નો અવાસ યાદ કર્યો પરદેશમાં ચાલતી કુંટુંબ સંસ્થાની મુલાકાતમાં ખાસ વાત કરી કે જીવનમાં કુંટુંબ વચ્ચે પ્રેમ હોય તો જીવન કેટલુંસુંદર.. હાથના પંજામાં દરેક આંગળી એક સરખી નથી. પરંતુ ભેગી થઈને કેવો મજબુત પંજો બને છે. કુંટુંબની દરેક વ્યકિતનો સ્વભાવ અલગ હોવાનો રસ, રૂચિ, પસંદગી વગેરે અલગ હોવાની પણ અરસ પરસ પ્રેમની સિમેન્ટથી બંધાયેલા રહે તો સ્વર્ગ. અહીં જ છે. પરિવારોમાં તોફાનો આવે સંકટ આવે પણ પ્રેમનું દોરડું સૌ સાથે બંધાયેલું હોય તો દરેક પરિસ્થિતિનો મુકાબલો થઈ શકે છે. આજે જે અખબારોમાં ઘટનાઓ વાંચીએ છીએ તેવા બનાવો કદી ન બને. સામા મળીએ તો હેતનો ફુવારો....સ્નેહનું સ્નાન.. છેલ્લે કુંટુંબ મિલનમાં રૂપા બોલી હતી. કે.. કુંટુંબનો વડીલ વૃક્ષ જેવો ઘેઘુર અને હું તો બની શકુ એક વેલ... બાળકો કાલુ કાલુ બોલતા હોય કિલ્લોલ કરતા સૌને રમતા-મળતા રાહ જોતા જોવ એ મારૂ સ્વપ્ન છે. ફોરેનનો એક મિત્ર બોલ્યો. આજે યુવતીઓ ને વધુ અપેક્ષાઓ છે. ખુબ મોટો પગાર મોજ મજા વાળું ચમકતું જીવન પરંતુ એ જીવન ઘણું અલ્પ સમયનું હોય છે. જે પત્ની પૈસા પાછળ ભૌતિક સુખ પાછળ કુંટુંબ જીવનનો ત્યાગ કરશે તે ઘણું ગુમાવશે, ત્યાગ, ધીરજ સહનશીલતા, સમર્પણ બાંધછોડનાં ગુણ સ્વીકારશે ત્યારે આત્મા અને પરમાત્મા બન્ને રાજી થશે અને સુખનો થાળ પીરસશે ખરા સંબંધો સુખનો માર્ગ છે. પરસ્પરના પ્રેમથી જીવનનું મધુર સંગીત પ્રગટે છે. પરદેશમાં કુંટુંબો તુટી રહાય છે. યુવાનો ડ્રગ, વ્યસનના માર્ગે જાય છે. કોણ પ્રેમથી સમજાવે ? જીવનમાં જે કંઈ ખુટે છે. તે અગોચર જાણી આપણી આસપાસ પડયો છે. અહીં જે લખ્યું છે. તે સત્ય ઘટના છે. ખુશ ખુશાલ કુંટુંબોની વાત છે. બેંક બેલેન્સ કોઈ ઠગ ચોરી લેશે સંબંધોનું ખેલેન્સ કોઈ ચોરી શકશે નહિ. પ્રેમ તો દરિયા જેવો અસીમ છે. જેટલો વહેંચશો એટલો વધશે પરદેશમાં જયારે તક મળી ત્યારે કુંટુંબ ભાવના વ્યકત કરતા કાવ્યો વાંચ્યા. વાર્તાઓ કહી અને ઉદારતા, સહિષ્ણુતા, ધીરજ વગેરે ગુણોનું બેલેન્સ વધારવા ઘણી વાતો કરી આ તો માત્ર છાલક છે. તો સુખના સરોવરમાં સ્નાન કરજો પ્રભુ તમારી સાથે છે..

# રડવું નથી, હવે લડવું છે : સંઘર્ષની આંખમાં આંખ પરોવીને કહી દો બાજી તો હું જ જીતીશ



**હાર્દિક ચંદારાણા**
મો. ૭૨૧૧૧ ૫૫૫૯૩ ઈ-મેઈલ : hchanadarana@gmail.com

જિંદગીનો એક સીધો અને સાદો નિયમ છે કોઈપણ ખરાબ સમય હંમેશાં માટે રહેતો નથી. જયારે માણસ વારંવાર મહેનત કરે છતાં પરિણામ ન મળે, ત્યારે મન થાકી જાય કે નિરાશ થઈ જાય એ સ્વાભાવિક છે. પરંતુ એક વાત હંમેશાં યાદ રાખવા જેવી છેઃ દુનિયા કયારેય એવા લોકોને યાદ નથી રાખતી જેમને બધું બેઠા - બેઠા મળી ગયું હોય. લોકો એમને સલામ કરે છે જેઓ મુશ્કેલ સંજોગો સામે લડીને આગળ આવ્યા હોય. એકાદ વાર નિષ્ફળ જવું એ જિંદગીનો અંત નથી, પણ નવેસરથી શરૂઆત કરવાનો મોકો છે. વિચારો દોસ્ત, જો જિંદગીમાં બધું જ સહેલું મળી જાય, તો જીવવાની મજા કયાં રહે ? સૂરજ પણ આખો દિવસ તપે છે ને, ત્યારે જ સાંજ સુંદર બને છે. જો રસ્તામાં ખાડા - ટેકરા જ ન આવે, તો ડ્રાઈવર અસલી છે કે નકલી એ કેમ ખબર પડે ? આ મુશ્કેલીઓ તો જિંદગીના સ્પીડબ્રેકર છે, આપણને રોકવા માટે નહીં પણ આપણી સ્પીડ ચેક કરવા માટે આવે છે. વખત ખરાબ હોઈ શકે, પણ આપણું લોહી અને આપણો જુસ્સો નહીં ! કુદરત કસોટી પણ એની જ લે છે જેનામાં સહન કરવાની અને લડવાની તાકાત હોય. સોનું ભઠ્ઠીમાં તપે ત્યારે જ એનો સાચો દાગીનો બને છે, અને માણસ સંઘર્ષમાં ઘસાય ત્યારે જ મહાન બને છે.સરળ વાત કહું ને... તો જિંદગીમાં ક્યારેય આપણો ટાઈમ ખરાબ નથી હોતો, આપણી આસપાસના લોકો જ આપણને એવું ફીલ કરાવે છે કે આપણે કંઈ નથી કરી શકવાના! પણ એમને કયાં ખબર છે કે સિંહ બે ડગલાં પાછળ હટે એનો મતલબ એ નથી કે એ ડરી ગયો છે, એનો મતલબ એ છે કે એ હવે મોટી છલાંગ મારવા તૈયાર છે. જયારે આખી દુનિયા એમ કહે ને કે 'હવે તારાથી આ નહીં થાય', ત્યારે કાન બંધ કરી લેજો. કારણ કે વાતો કરનારા લોકો કાલે સવારે નવો મુદ્દો શોધી લેશે, પણ તમારી જિંદગી સુધારવા કોઈ નહીં આવે. તમારી લડાઈ તમારા પોતાના સિવાય કોઈ લડી શકવાનું નથી.સાચી સફળતા એ નથી કે તમે કયારેય નીચે નથી પડયા, પણ સફળતા એ છે કે પડયા પછી તમે કેટલી હિંમતથી પાછા ઊભા થાઓ છો. લોકોની વાતો સાંભળીને હિંમત હારવા કરતાં, પોતાની મહેનત પર ભરોસો રાખો. અરે, કાચબો પણ જો સતત ચાલતો રહે ને, તો સસલાને હરાવી શકે છે. આપણે તો માણસ છીએ ! લોકો જયારે તમારી ક્ષમતા પર શંકા કરે, ત્યારે એમની સાથે બોલાચાલી કરવા કરતાં ચૂપચાપ મહેનત કરીને એવું કામ કરી બતાવો કે એમની બોલતી આપોઆપ બંધ થઈ જાય.એટલે જ કહું છું, ગઈકાલે શું થયું એ ભૂલી જાવ. હવે નસીબને દોષ આપવાનો કેરડવાનો સમય નથી, પણ કમર કસીને ફરીથી મેદાનમાં ઉતરવાનો સમય છે. આજે નવો દિવસ છે, નવી સવાર છે અને તમારી પાસે એક નવો મોકો છે. ઊભા થાઓ, કપડાં ઝાપટો અને ફરીથી દોડવાનું શરૂ કરો. કારણ કે જે હારીને પણ હસતો રહે ને સાહેબ, એને દુનિયાની કોઈ તાકાત કયારેય હરાવી શકતી નથી ! બસ, આજથી જ નક્કી કરી લો, રડવું નથી, હવે લડવું છે ! ચહેરા પર એક મસ્ત સ્માઈલ લાવો, મુઠ્ઠી વાળો અને પરિસ્થિતિની આંખમાં આંખ પરોવીને કહી દો : 'સમય ભલે તારો હોય, પણ આ બાજી તો હું જ જીતીને બતાવીશ !' ધીરજ રાખો, પોતાની જાત પર ભરોસો રાખો અને નક્કી કરી લો કે જયાં સુધી લક્ષ્ય ન મળે ત્યાં સુધી અટકવું નથી. તમારામાં દરેક મુશ્કેલી પાર કરવાની તાકાત છે, બસ મનથી મજબૂત બનીને આગળ વધો.

# બાપનો એ પ્રેમ દેખાતો નથી : પિતાજીએ આપેલી જીવવાની ચાવીઓ

**॥ 'કોણ જાણે કેમ દેખાતો નથી, બાપનો આ પ્રેમ દેખાતો નથી; વાયરાની જેમ દેખાતો નથી, બાપનો આ પ્રેમ દેખાતો નથી ॥** (ગીત : સિદ્ધાર્થ ભાવસાર)



**સૂત્રધાર**
**ડો. અમિતકુમાર રસિકલાલ મહેતા**
મો. ૯૮૪૪૮ ૯૦૪૫૮
અમરેલી

જયારે આ પંક્તિઓ કાને પડે છે ત્યારે અંતરમાં એક ઊંડી કંપારી છૂટી જાય છે. પવન આપણને સતત સ્પર્શે છે, જીવાડે છે, શ્વાસ પૂરો પાડે છે, પણ એ કયારેય આંખે દેખાતો નથી. પિતાનો પ્રેમ પણ બરાબરએ વાયરા જેવો જ હોય છે. જેનું હોવાપણું ક્ષણે ક્ષણે અનુભવાય છે, પણ એ કદી શબ્દો કે દેખાડામાં બંધાતો નથી. માતા વહાલ કરે ત્યારે આંખમાંથી આંસુ છલકાય, પણ બાપનો વહાલ એના મેનમાં, એના ખભા પર ઊંચકેલા ભારમાં અને સંતાનની સુરક્ષા કાજે રાત - દિવસ ચાલતી અદ્રશ્ય ચિંતામાં ધરબાયેલો રહે છે.આજે ૨૫ તારીખે જયારે મારા પૂજય પિતાજી ડો.રસિકલાલ ભગવાનજી મહેતાનો ૮૦ મો જન્મદિવસ છે, ત્યારે આ ગીતના પડઘા વચ્ચે એમની આંગળી પકડીને શીખેલી જિંદગીની પાયાની ચાવીઓ (Life Lessons) અનાયાસે આંખ સામે તરવરી ઊઠે છે.

**બે પેઢીનો સંવાદ અને મેનની ભાષા**

ગીત બહુ વેધક વાત કહે છે કે ઘણીવાર 'કાચ પાયેલા બધાસંવાદ છે, બેવ પેઢીને ઘણી ફરિયાદ છે.'યુવાનીના ઉંબરે ઊભેલું સંતાન જયારે બહારની દુનિયાની ઝડપ જુએ છે, ત્યારે એને બાપની શિસ્ત, એમનો સાદો વ્યવહાર કે એમની સલાહ ' જૂનવાણી' લાગવા માંડે છે. નાની નાની વાતોમાં વિખવાદ ઊભા થાય છે.પરંતુ સંતાનને એ સમજાતાં વર્ષો નીકળી જાય છે કે બાપ જે કઠોર બનીને ઊભો હતો, એ સંતાનને પથ્થરમાંથી મૂર્તિ ઘડવા માટેની એની સાધના હતી. પિતા કયારેય પ્રેમનો ઢંઢેરો નથી પીટતા. એમનું હૈયું અંદરથી કદાચ સો વાર વીંધાતું હશે, પણ ઘરના ઉંબરા પર એ કાયમ એક અડગ હિમાલય બનીને જ ઊભા રહે છે જેથી બહારનું કોઈ તોફાન ઘરની છતને અડી ન શકે.

**મારા પિતાજીએ આપેલી જીવન જીવવાની કૂંચીઓ**

પિતા કોઈ પુસ્તક નથી વંચાવતા, પણ એમનું આખું જીવન જ એક જીવંત પાઠશાળા હોય છે. પૂજય પિતાજીના આચરણમાંથી જે જીવનમૂલ્યો વારસામાં મળ્યા, એ જ આજે સંઘર્ષના વમળો વચ્ચે સાચો દીવાદાંડી સમાન માર્ગ બતાવે છે : '**પ્રામાણિકતા કોઈ સોદાબાજી નથી (Integrity Firs)**: ભલે પરિસ્થિતિ ગમે તેટલી વિષમ હોય, શોર્ટકટ કે અનૈતિક માર્ગે કયારેય આગળ ન વધવું. મહેનતનો રોટલો ભલે મોડો મળે, પણ એ રાત્રે ઓશિકા પર માથું મૂકતાંની સાથે જ મીઠી અને નિરાંતની ઊંઘ આપે છે.

**' જ્ઞાન સાથે વિનમ્રતા (Humility with knowledge)**: માણસ ગમે તેટલી ડિગ્રીઓ મેળવે, પદ-પ્રતિષ્ઠા મેળવે કે દુનિયામાં નામ કમાય, પણ જો એના પગ જમીન પર ન રહે તો એ બધું જ નકામું છે. જેટલું વૃક્ષ ફળોથી લદાયેલું હોય, તેટલું જ એ નમેલું રહેવું જોઈએ.

**'શાંત રહીને સંકટ સામે લડવું (Crisis Management with Composure)**: મુશ્કેલી આવે ત્યારે કયારેય ધીરજ ન ગુમાવવી. ક્રોધ કે આવેશમાં લીધેલો નિર્ણય હંમેશા વિનાશ નોંતરે છે. શાંત ચિત્ત જ સૌથી જટિલ સમસ્યાનું તાળું ખોલી શકે છે.

**'પરિવારનું છત્ર બનવું, પણ ભાર ન બનવું**: પોતાના શોખ, પોતાની ઈચ્છાઓ કે સુખોને હસતાં મોઢે બાજુ પર મૂકીને પરિવારના ભવિષ્ય માટે પાયાનો પથ્થર બનવું એ બાપ સિવાય બીજું કોઈ ન કરી શકે.

**જેણે આંગળી પકડીને ચાલતાં શીખવ્યું...**

ગીતની એ લાઈન કાળજું ચીરી નાખે તેવી છે કે 'પળભરમાં હાથ જાલી ચાલતાં શીખવ્યું તને..'સમય બહુ નિર્દય છે. બાળપણમાં જે હાથ પકડીને આપણે રસ્તા ઓળંગ્યા હતા, જે ખભા પર બેસીને આખી દુનિયા જોઈ હતી, એ હાથ કયારે ધ્રૂજવા લાગે છે અને એ પગ કયારે થાકી જાય છે, એનો અહેસાસ આપણને બહુ મોડો થાય છે.

આપણે કારકિર્દી, પૈસા અને દોડધામની આંધળી રેસમાં એટલા ખોવાઈ જઈએ છીએ કે ઘરના ખૂણામાં ચશ્મા સાફ કરતાં કે જૂની ડાયરી વાંચતાં બાપની આંખોમાં રહેલી અપેક્ષા વાંચી શકતા નથી. એમને આપણી સંપત્તિ નથી જોઈતી; એમને માત્ર આપણી બે મિનિટની નિરાંત, એકાદ કપ ચા સાથેનો સંવાદ અને એવો વિશ્વાસ જોઈએ છે કે એમણે વાવેલા સંસ્કારો આજે પણ લીલાછમ છે.પિતાનો પ્રેમ વાયરા જેવો અદ્રશ્ય છે, પણ એ જ વાયરો આખી જિંદગી આપણને શ્વાસ પૂરો પાડે છે. 'જેના ચહેરાની કરચલીઓમાં આપણું ભવિષ્ય કંડારાયું, એ બાપના આશીર્વાદ જ આ સંસારનું સૌથી મોટું અમૃત છે !' પૂજય પિતાજી ડો.રસિકલાલ ભગવાનજી મહેતાના જન્મદિવસ નિમિત્તે, તેમના ચરણોમાં શત શત વંદન સાથે પ્રાર્થના કે તેમનો આ અદ્રશ્ય પ્રેમ, તેમની શીખવેલી નૈતિકતા અને તેમની જીવન જીવવાની ચાવીઓ હંમેશા અમારા જીવનના માર્ગને અણનમ અજવાળતી રહે.

# ॥ રામબિરહ સાગર મહ, ભરતમગન મન હોત ॥

રહનેનહીદેશે. મૈંએક દેઢ મહિને બાદ ગાડી ભેજકર તુમ્હે બુલા લૂંગા.' હુંજવા માટેતૈયાર પણ થયેલી પરંતુ આજ જૂના કલ જેના કરતાં બે દિવસ નીકળી ગયા બાદ કહ્યું, અબ નહી જાને કહાં આતી જાતી હે રહ જાવ.

(૯૧) કૃપાસિંધુ લખિ લોગ દુખારે

તા.૨૪-૧૨-૬૯ના રોજ રાજકેટથી બે-ચાર ભાઈઓ આવેલું તેમનેસાથેવાત કરતાંભગવાને કહ્યું, તુમ લેગેસે બાત કરની હે બૈઠો, દેખો હે આત્મશ્લાઘા જૈસી બાત. પરંતુકહેબિના છુટકા નહી હે, અર્જુને અને અભિમન્યુના યુદ્ધ વખતે અભિમન્યુની પૂતિવ્રતા પત્નિનો પ્રસંગ કહી કહ્યું કે, ઈસી તરહ યદિ ઈશ્વર યા ગુરૂ કે લિયે–વહ વિચાર આવે કિ ઓર કોઈ ઈસકે અલાવા શકિત હે તો શ્રદ્ધામે કમી આતી હે. મૈ સદા સાથ હું કામ બરાબર કરો. સુશીલા બહેનસે દીક્ષામે મૈને યહી માંગા હે, વહ બરાબર નેત્રયજ્ઞ દેખતી રહેગી. ત્યારબાદ પપીહાનું ઉદાહરણ આપતાં કહયું કે, 'વહ હઠ કરકે ઓર કોઈ પાની નહી પીતા હે તો સ્વાતિકો બરસના હી પડતા હે. 'બનાસકાઠા સસુરેન્દ્રનગરમાં દસ લાખ બાળકોને સાત મહિના સુધી અનાજ આપવામાં માં આવશે. તેમ તેમાં બાર આને ગર્વમેન્ટ અનેચાર આના અરવિંદભાઈ મદદ આપશે. ગર્વમેન્ટને તો નવાઈ લાગી કે ભારતમાંઆવી સાચી સંસ્થા છે. ખરી ! આ વાત ભાઈઓએ ભગવાનને જણાવી તેના જવાબમાં ભગવાને કહયું, 'ઈસમે એક હી બલ હે તુમ લોગોં કી નીતિ. જિસકી નીતિ પકકી હે ઉસકે લિયે હંમેશા સામને સે રાસ્તા હો જાતા હે. યદિ સેવાભાવી સબ લોગ સાલકા એક મહિના દે દેંગે તો ભી કાર્ય બરાબર ચલતા રહેગા.

ઘણીવાર સૂતા સુતા બોલતા કે, દેખો તો, મેરા દુસરા શરીર ઈસ શરીર કો દેખકર હસ રહા હે. એક દિવસે ભગવાન પાસે રહેતા રાજ કોટનાં ડોકટરને કહેવા લાગ્યા, 'પ્રેમ દેખો ઈસ લડકીમેં. ઈસને કિતના

**॥ રામ રામ રઘુપતિ જપત, સ્ત્રવત નયન જલજાત ॥**

સહન કિયા હે મેરે લિયે. બહુત હી કષ્ટ ઉઠાયા હે પરંતુ કયા કરૂં? મેં રખ ભી નહી સકતા ઔર છોડ ભી નહી સકતા ખુલ્લી બાત હે. યહ એક મહિને કી થી તબ ઈસિકે પાસ બરસડા પહૂંચ ગયા થા. સચ ઈસિને બહુત હી સહન કિયા હે મેરે લિયે.

તા. ૭-૧-૭૦ના રોજ થોડા ભાઈએ આવ્યા. તેમની સાથે વાત કરતાં ભગવાને કહ્યું, ફરવરી અચ્છી તરહ નિકલ જાયે યહી ભગવાનસે પ્રાર્થના હે. ગુજરાત સ્વતંત્ર હોંગા સેન્ટ્રલ ગવર્મેન્ટસે. બંગાલ, આસામ, પૂર્વ પાકિસ્તાનમે મિલકર અલગ હે જાયેગા. ચીન, રૂસકા વિરોધ હોગા. વહ અબ દિખતા હે. યદિ ચીન ભારત કોં લે લેગા તો પૂરા વિશ્વયુદ્ધ હો જાયેગા. પર અમેરિકા યહ હોને નહી દેગા.







હસ્તાક્ષેપ કરેગા. કયોંકિ ભારત મે એક ઐસી શકિત હે. અભી જો યુદ્ધ હોગા વહ સંસ્કૃતિકા હોગા. આગળ કહયું. "મુઝે સાહિત્ય કા બહુત શોખ થા દેઢસો સાલ ખુબ પઢા હું. અને કહયું 'હઅબ દાંત ઢીલે હો ગયે હે. દાંતને પાડવા માટેની દવા 'શંખ દ્રુવા' નામની બતાવતા કહયું 'દાંત પર લગાનેસે દો ઘંટે મે નિકલ જાતા હે. ઉસમે સુઈ ઔર કોડી ડાલ નેસે વહ ગલ જાતે હે. સોડા ઔર નૌસાગરસે બનતા હે. પછી સુરદાસજીનું એક પદ બોલ્યા,

કર લે શિંગાર, ચતુર અલબેલી નાર, પ્રીતમ કે ઘર જાના હોગા મિટીસે નિકલે મિટ્ટીસે મિલ જાના હોગા....

''યહ અપની બુદ્ધિ કે

સંપાદક : મહેન્દ્ર સી.જોષી
મો.૯૪૨૬૪ ૫૫૩૫૬ (નિવૃત કેળવણી નિરીક્ષક)
સૌજન્યઃ પ.પૂ.કુ.રમાબેન પુરૂષોતમભાઈ હરિયાણી
(અહૈતુક કૃપા-પુસ્તકમાંથી)



લિયે કહા હે. તેમ કહયું ત્યાર બાદ

હે મેરે પ્યારે રાઘવ
ઈતની તો દયા કરના.

આ સ્વરચિત પદ ગાયું

હે દીનબંધુ રાઘવ,
ઈતની તો દયા કરના
હે મેરે પ્યારે રાઘવ,
ઈતની તો દયા કરના
ઈતની તો દયા કરના,
ઈતની તો દયા કરના હે દીનબંધુ...
ઈતકી યે ઝંઝટોમે, ભૂલ
જાઉ અગર તુઝકો
તો મેરે પ્યારે રાઘવ,
મુઝકો ન ભૂલ જાના હે દનબંધુ...
માયાસે લડતે લડતે, હો
જાઉ મૈ શિથિલ જબ.
તો મેરી ઔર ઓકર,
માયા સે લડા કરના હે દીનબંધુ...

**॥ રાસ પ્રાણપ્રિય નાથ તુમ, સત્ય બચન મમ તાત ॥**

અબ તક તે નિભાયા હે, અબ ભી તૂ ન્ભિા લેને જીવન કીમેરી નાવ, પ્રભુ! પાર લગા દેના. હે દિનબંધુ ।આગળ કહ્યું, યદિ કોઈ લિખનેવાલા હે તે મે મહાસુદ છઠ કે દિન લિખા ઉંગા.

ગુજરાતમાં બનાસકાંઠામાં રાધનપુર બાજુ રાહત કાર્ય ચાલતું હેવાથી ત્યાં સુખડી વહેંચવા માટે



સેયાબીનના તેલમાં અમુક વિટામીન પાવડર નાંખી સુખડી બનાવી વહેંચવાની હતી. તેને નમૂનેં મારી પાસે કરાવડાવ્યે.

મહા સુદ છઠ પૂ. શ્રી પતિતપાવનજી ભગવાનને પ્રાગટય દિવસ હતો. તે દિવસે સવારે ચાર વાગે મને બોલાવી અને ગદ્‌ગદ્ સ્વરે કહ્યું, દેખો તે રમા, યહ જીવનમે પહલા દિન ઐસા હે કિ ઈસ દિન પર મેં ઉઠકર ભગવાનકે પ્રણામ ભી નહી કર સકતા. સવારે માનસજીની સ્તુતિ તેમ જ ગીતાજીને બારમે, પંદરમે અધ્યાય કરવા જણાવ્યું. ભગવાનની ઈચ્છાથી શ્રી પતિતપાવનજી ભગવાનનું પૂજન થયું. તેમાં શ્રી પતિતપાવનજીને દૂધ અને સૂતરફેણને ભેગા લગાવવામાં આવ્યો.

ભગવાનની આવી તબિયતમાં પણ જયારે પાસે બેસી કેઈ વ્યકિત મર્યાદાનું ધ્યાન ન રાખી કેઈ પ્રસંગવશાત્ વાતચીત કરતાં, મુક્ત હાસ્ય કરતાં ત્યારે બોલ્યા,

જા કે ઘરમેં દુઃખ હે, તાહિ યહ નેસુહાય, વિષય ભોગ નિંદ્રા હસી, જગત વાત પ્રીત પાય.

દરેક વ્યક્તિનું વર્તન બરાબર નિહાળતા ખરેખર પ્રેમભાવ સેવા છે કે પછી ખાલી આડંબર છે તે એમનાથી અજાણ્યું ન હતું કોઈ વાર કહેતા કે, સેવા તે બહુત કરતા હે લેકિન અપની મનમાની. કોઈવાર મન માન્યું વર્તન જેઈને અતિ દુઃખી થઈ આંખમાં આંસુ સાથે બોલી જતાં, દેખેમેરી દશા.

સોઈ સેવક પ્રિયતમ મમ સોઈ મમ અનુશાસન માને જેઈ. આજ્ઞા સમ ન સુસાહિબ સેવા.

હંમેશા શીલ, સાદગી, સરળતા તેમ જ માન, મર્યાદા ખૂબ જ પ્રિય હતા. જયારે કેઈને નિત્ય રંગબેરંગી વસ્ત્રોને જેતાં ત્યારે મને એકવાર કહેલું, રમા, દેખે એસે ગિરગિટકી તરહ રંગ નહી બદલતે

મને લાગે તારે નાદ, ભલે થઈ જવું બરબાદ,
શરણુ તારૂ નહિ છોડુ રે,
શરણ તારૂ નહિ છેડુ, ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ ત્વમેવ બંધુશ્વ સખા ત્વમેવ મ ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ ત્વમેવ સર્વ મમ દેવ મમ..

# *॥ આયુર્વેદોઅમૃતાનામ-૯ ॥*

# *॥ ઔષધિ પર અવિશ્વાસની દ્રષ્ટિનું ઝેર ॥*

એક સપ્તાહ આપણે દિનચર્યા લેખમાળાને વિરામ આપી આજના લેખની ચર્ચા આજના વાતાવરણ માટે મને ખુબ જરૂરી લાગી એટલે કરી છે

એકવાર શેષનાગ બિમાર પડયા. ધીમે ધીમે બિમારી વધવા લાગી. ઘરગથ્થુ સામાન્ય દવાઓની કોઈ અસરના થઈ એટલે દેવોના વૈદ્ય અશ્વિનીકુમારને બોલાવવામાં આવ્યા. અશ્વિની કુમારે દવા તૈયાર કરીને શેષનાગને આપી. અશ્વિનીકુમાર જેવા વૈદ્યની દવા લીધા પછી પણ રોગ કાબુમાં આવ્યો નહી. અશ્વિનીકુમાર એકથી એક ચડીયાતી દવા આપતા જાય તો પણ રોગ તો વધતો જ ચાલ્યો. બધા દેવોને લાગ્યુ કે કદાચ શેષનાગનો પ્રાણ જતો રહેશે.

અશ્વિનીકુમાર પણ મુંજાયા એમણે ભગવાનને પ્રાર્થના કરી કે પ્રભુ આપ કંઈક મદદ કરો હું તો મારા તમામ પ્રામાણિક પ્રયાસો કરૂં છુ પણ મારી દવા કોઈ જ કામ કરતી નથી મને પણ નથી સમજાતું કે આવું કેમ થાય છે ? આજ દિન સુધી આવું કયારેય બન્યુ નથી !

એક સંત અશ્વિનીકુમાર પાસે આવ્યા અને કહ્યુ બોલો શું મદદ કરૂં આપને ? અશ્વિનીકુમારે પેલા સંતને પોતાની બધી વાત સંભળાવી. સંતે એટલું જ કહ્યુ કે તમારી ઔષધી તો બરોબર જ છે ને ? જે રોગ છે તેનો નાશ કરવા માટે આ જ પ્રકારની ઔષધિ ઉપયોગમાં લેવાય છે ને ? અશ્વિનીકુમારે કહ્યુ કે હા રોગના લક્ષણો પ્રમાણે જ મે ઉતમ પ્રકારની દવા બનાવી છે અને એ દવા પાવા છતા નાગરાજને કોઈ જ અસર થતી નથી.

પેલા સંતે હસતા હસતા કહ્યુ, 'એક કામ કરો દવા પાતી વખતે




શેષનાગની આંખ પર પાટો બાંધો અને પછી દવા આપો. બધા વિચારવા લાગ્યા કે આંખ પરના પાટાને અને દવાની અસરને શું લેવાદેવા ? પણ અશ્વિનીકુમારે પેલા સંતની આજ્ઞા મુજબ કર્યુ અને બધાના આશ્વર્ય વચ્ચે નાગરાજની તબિયત સુધરવા લાગી અને થોડા સમયમાં તો રોગ સાવ જતો રહ્યો.દેવો અને અશ્વિનીકુમારને આંખ પરના પાટાનું રહસ્ય ન સમજાયું એટલે સંતને તે જણાવવા વિનંતી કરી ત્યારે સંતે કહ્યુ કે ઔષધી તો બરાબર જ હતી પણ જયારે એને પાવા માટે એના મુખ પાસે લાવતા હતા ત્યારે શેષનાગની આંખમાં કાતીલ ઝેર હોવાથી અમૃત જેવી એષધી પણ ઝેર બની જતી હતી. પાટો બાંધીને મે એની આંખના ઝેરને ઔષધીમાં ભળતા અટકાવ્યુ એટલે ઔષધીની અસર થઈ.

આજકાલ દરેક દવાઓ અને રોગોને ગૂગલ કરીને કન્ફર્મ કરવાની જે (કુ)ટેવ પડી છે, એ શ્રદ્ધા વગરની બુદ્ધિની દેન છે, અને તે આ શેષનાગના ઝેર સમાન છે. જે વૈદ્ય અને દવા પ્રત્યેની શ્રદ્ધાને ખલાસ કરી નાખે છે.

ઔષધિ પર અવિશ્વાસની દ્રષ્ટિનું ઝેર પડે તો સાક્ષાત દેવોના વૈદ્યે આપેલી દવા પણ અસર ન કરે. અશ્રદ્ધા સંશય પેદા કરે અને સંશય પામેલો આત્મા પોતાનો જ નાશ કરી બેસે. (ભગવદ્ ગીતા)

આંખે પાટા બાંધીને દવા લેવી મતલબ વૈદ્ય અને ઔષધિ પર પૂર્ણ શ્રદ્ધા સાથે અને પોતાની બુદ્ધિનું ઝેર નાખ્યા વગર દવા લેવી. એ આજનો ફરજીયાત દરેકે માનવો પડે એવો યુગધર્મ છે.

આ વાર્તા કરવાનું મુખ્ય કારણ મારી પાસે આવેલા એક દર્દી છે, વિનુભાઈ (દર્દી નું નામ બદલાવેલ છે) કરીને દર્દી મારી પાસે બે દિવસ પહેલા સારવાર લેવા આવેલા, વિનુભાઈ ત્રણેક મહીના પહેલા પણ આવેલા, તેમને ડાયાબીટીસ ખુબ વધારે રહેતુ હતુ, હાઈ બી.પી. અને કોલેસ્ટ્રોલ પણ વધારે આવતુ હતુ ત્રણેક મહીના પહેલા મારી પાસે આવેલા ત્યારે અમરેલીના દરેક ડોકટર( ફીજીશ્યન)ની ફાઈલ તેની પાસે હતી, રાજકોટ – અમદાવાદના પણ નામાંકિત પાંચેક ડોકટર ની ફાઈલ હતી, લગભગ દરેક ડોકટરે એક સરખું નિદાન કરી દવા પણ એકસરખી જ અને સારી કંપની ની આપેલ હતી, પણ વિનુભાઈનો રોગ કંટ્રોલમાં નહોતો આવતો, ત્રણેક મહિના પહેલા મારી પાસે આવ્યા ત્યારે મે પણ બરાબર તપાસી, પરેજી સમજાવી હતી. વિનુભાઈને મે પુછયુ કે કેમ છે ? તો એનો અગાઉ જે જવાબ હતો તેવો જ નિરાશાવાદી જવાબ આજે પણ હતો કે દવાથી કાંઈ ફાયદો નથી !તમે આપેલી દવા તો મે પહેલાય કેટલી વાર લીધી જ છે.

હવે વિનુભાઈ ની ટેવ( કુટેવ )વિશે વાત કરૂ તો કોઈપણ દવા લે એટલે ઘરે જઈ પહેલુ કામ એ દવાને ગુગલ માં સર્ચ કરી અને દવા શુ કામ કરે તે જોવાનુ અને તેની સાઈડ ઈફેકટ તપાસવાનું એને લીધે વિનુભાઈ કોઈ પણ દવા લે ને મનમાં દવા વિશે સંશય થયા જ કરે અને દવા પુરી ન લેવાના કારણે તેમને જોઈએ તેવું રિઝલ્ટ મળતુ નથી, પરીણામે એક ડોક્ટર પાસે થી બીજા ડોકટર પાસે ફર્યા કરે અને રોગ હતો ત્યાં ને ત્યા.

અમે જયારે નાના હતા, કોઈપણ તકલીફ થાય એટલે દેરાસર પાસે આવેલ ડો.બી.એન.મહેતા સાહેબ (૨૦ નૈયા પૈસા વાળાનું દવાખાનું) પાસે જાતા, અને સાહેબ હસી-મજાક કરી અને બે-ત્રણ પ્રકારની ગોળીઓ આપતા અને વધુ માં વધુ ત્રણ ડોઝ લેતા અને સંપુર્ણ સાજા થઈ જાતા અને આવો અનુભવ ત્યા આવતા તમામ દર્દીઓનો રહેતો, કે મહેતા સાહેબ ને બતાવીએ એટલે ગમે તેવો રોગ મટી જાય, આ શ્રધ્ધા જ એવી હતી કે સાહેબ પાસે જાઈએ એટલે અડધા સાજા તો એમને એમ થઈ જવાતુ... પણ જયારથી આ સોશીયલ મીડીયા આવ્યુ છે અધકચરૂ મેડીકલ જ્ઞાન એમાંથી મેળવી અને દવા-ડોકટર ઉપરના સંશયે આપણી સંપુર્ણ સ્વસ્થ થવાની ગતીને ધીમી પાડી દીધી છે.

**મર્મ સ્થાનઃ** આપણું શરીર પોતાની જાતે જ મરામત કરવાની શક્તિ ધરાવે છે. શરીરમાં જે ફેરફારો દવા કરે છે તે વગર દવાએ મન કરી શકે છે; કેમ કે મન જયારે હુકમ કરે છે ત્યારે શરીર તે પ્રમાણે જરૂરી ઔષધરૂપી પદાર્થ કે પ્રવાહી પેદા કરે છે , આવા માં ડોકટર / વૈધ – દવા પ્રત્યેની શ્રધ્ધા રોગ ને ઝડપથી અને સંપુર્ણ મટાડવામાં ખુબ મોટો ભાગ ભજવે છે.

## 'સમજણ એ જ નારાયણ'

# હવા સાથે કપૂરની વાસ ઉડી જાય છે પળમાં, સમય સાથે વિચારો એ રીતે ખોવાઈ જાય છે !

જમિયત પંડયા 'જિગર'

કભી ખુશી કભી ગમ પીકચરમાં શાહરૂખખાન અને રાની મુર્ખર્જી વચ્ચેના સંવાદોનાં સીનમાં એક સરસ સંવાદ ફીલ્માયેલો છે. રાની મુખર્જી કહે છે કે : આપણે આજે જીવનની જે જે બાબતોને ખુબ જ મહત્વ આપીએ છીએ એ બાબતોને પામવા માટે અનેક પ્રયત્નો કરીએ છીએ.. એજ બાબતો જયારે લાંબો સમય પસાર થઈ જશે, ત્યારે આપણને નિરર્થક અને નિરસ લાગવા માંડશે, ઘણી વખત તો આપણને જાત ઉપર હસવું આવશે. કે આ બાબત માટે મેં જીવનનાં આટાલ વર્ષો વેડફી નાખ્યા ... ? !'' આ પણ જીવનની એક સરચાઈ છે જ ને ?!..એટેચમેન્ટ, લગાવ, આકર્ષણ, ઝંખના અને જિજીવિષાઓ સમય સાથે જોડાયેલા રહે છે. અવસ્થાના દરેક પડાવ ઉપર તેનાં સ્વરૂપો બદલાતાં જ રહે છે, અને રહેશે... ! પૂ. શાહબુદ્દીનભાઈ રાઠોડ આ વાતને જરા જૂદા જ સ્વરૂપે રજુ કરતા કહે છે કે : 'તમારા બાળપણને યાદ કરો, તમે જે પતંગ, ગરીયો, લખોટી,



યોગેશ ભટ્ટ
(બી.એ.એલ.એલ.બી)
મો. ૯૯૨૪૦૧૩૪૬૪ – અમરેલી

સાયકલ કે બેટ-બોલ માટે બાલયાવસ્થામાં લડતા, ઝઘડતા, પડતાં, આખડતા, અનેક મથામણો કરીને પણ આ સાધનો મેળવવા માટે રીતસર બેબાકળા બની જતા, આ જ સાંધનો કે રમતોને તમારૂ, જીવન સમજતા એ તમામ સાધનો, રમતો કે ક્ષણો તમારા હાથમાંથી કયારે કાયમના માટે છુટી ગઈ એ પણ કયાં તમને યાદ રહયું છે ? ! બાલ્યાવસ્થામાં રમતો, કિશોરાવસ્થામાં અભ્યાસ, યુવાવસ્થામાં કારકિર્દી, સામાજિક અને પારિવારિક જવાબદારીઓથી લઈને વૃદ્ધાવસ્થામાં એક ઠહેરાવ, તરફ વહેતો જીવન પ્રવાહ, ઘુઘરા-રમકડા થી માંડીને પુસ્તકો, પત્રો, ફાઈલોથી આગળ વધતો છેલ્લે ઓરસડીયા, ટેકણ લાકડી જેવા માધ્યમાંથી બદલતો જ રહે છે! આ જ તો જીવનયાત્રાની નકકર સચ્ચાઈ છે, જે સૌએ કાયમ સ્વીકારવી અને અપનાવવી પડે છે ! એમાંથી જ જીવન શોધી લેવું પડે છે ! બાકી તો સમય પોતાનું કાર્ય કરતો જ રહે છે! સયમનું ચક્ર સતત ફરતું જ રહે છે અને તેની સાથે જ સઘળું બદલાતું, પરિવર્તન પામતું રહે છે..!

માત્ર થોડા જ વર્ષોમાં માનવમૂલ્યો, જીવનશૈલી, રહેણીકરણી, માન્યતાઓ, વિચાર શરણીમાં કેટલું પરિવર્તન આવી ગયું છે. ? તહેવારો, વ્યવહારો અને વર્તણુંકોથી લઈને જીવનને સ્પર્શતા તમામ પડાવોમાં સતત બદલાવ થતો જ રહયો છે. અને રહેશે, ત્યારે તેની વચ્ચે સંતુલન જાળવી લેવું એ જ સાર્થકતા ગણાય.... !

**નવનીત :**
મેળવવાની દોડમાં માણવાનું ન ભૂલતા....!!

# *શરદ પૂર્ણિમાની વ્રતકથા : ગરીબ બ્રાહ્મણ વાલિતની કથા*

શરદ પૂર્ણિમા જેને કોજાગરી પૂર્ણિમા પણ કહેવામાં આવે છે તેની સાથે મહાલક્ષ્મીની ઉપાસના, રાત્રિ જાગરણ અને સુખ – સમૃદ્ધિની પ્રાર્થનાની પરંપરા જોડાયેલી છે. લોકપ્રચલિત વ્રતકથાઓમાં વાલિત નામના એક ગરીબ બ્રાહ્મણની કથા પણ કહેવામાં આવે છે. વાલિતની કથાનાં પાઠ અને વિગતો અલગ – અલગ વ્રતકથા સંગ્રહોમાં જુદાં હોઈ શકે છે. આ કથાનું પરંપરાગત ભાવાર્થ રૂપવર્ણન આપવામાં આવે છે તેને કોઈ ચોક્કસ પ્રાચીન ગ્રંથનો શબ્દશ : પાઠ માનવો નહીં.

**વાલિત બ્રાહ્મણની સંપૂર્ણ વ્રતકથા..**

પ્રાચીન સમયમાં મગધ દેશમાં વાલિત નામનો એક બ્રાહ્મણ રહેતો હતો,તે અનેક શાસ્ત્રોનો જાણકાર – ધાર્મિક અને સદાચારી હતો, તે દરરોજ સ્નાન – સંધ્યાવંદન અને ધાર્મિક ક્રિયાઓ નિયમપૂર્વક કરતો હતો પરંતુ આટલો વિદ્વાન અને ધર્મનિષ્ઠ હોવા છતાં તેનું જીવન અત્યંત ગરીબીમાં પસાર થતું હતું. વાલિત બ્રાહ્મણ સ્વાભિમાની હતો, તે કોઈની પાસે જઈને કંઈ માગતો નહોતો, કોઈ સ્વૈચ્છાએ તેના ઘરે આવીને દાન આપતું તો તે સ્વીકારી લેતો પરંતુ પોતે કોઈની આગળ હાથ લંબાવવાનું તેને યોગ્ય લાગતું નહોતું. તેની પત્નીનું નામ ચંડી હતું, તે સ્વભાવથી ચીડિયાળી અને ઝઘડાખોર હતી.પતિની ગરીબીને કારણે તે હંમેશાં દુઃખી રહેતી અને પોતાના પતિને મહેણાં મારતી, તેની બહેનનું લગ્ન એક સમૃદ્ધ પરિવારમાં થયું હતું, તેની બહેનને સુખ – સગવડ અને ઘરેણાંથી સજેલી જોઈને ચંડીને પોતાના જીવન પ્રત્યે અસંતોષ થતો હતો, તે વારંવાર વાલિતને કહેતી કે તમે આટલા વિદ્વાન હોવા છતાં આપણા ઘરમાં ગરીબી કેમ છે? ધર્મ અને જ્ઞાનથી પેટ ભરાતું નથી. આ રીતે ઘરમાં અવાર નવાર કલેશ થતો રહેતો હતો. પિતાના શ્રાદ્ધની ઘટના.. એક દિવસ



: આલેખન :
સોમ એટલે ચંદ્ર અને ચંદ્રે જે જગ્યાએ નાથ કહીને ભગવાન શિવનું તપ કર્યું અને ભગવાન શિવ પ્રગટ થયા તે હર હર સોમનાથ દાદા...
શ્રી વિનોદભાઈ માછી નિરંકારી
લવીવાડી તા.શહેરા, જી. પંચમહાલ,૯૭૨૧ ૬૬૦૭૫



વાલિત બ્રાહ્મણ ઘરે આવ્યો અને પોતાની પત્નીને કહ્યું કે ચંડી ! પરમ દિવસે મારા પિતાનું શ્રાદ્ધ છે. પિતાજી આપણા માટે કોઈ સંપત્તિ મૂકી ગયા નથી. આપણે પોતે જ ગરીબીમાં જીવીએ છીએ તેથી શ્રાદ્ધમાં વધારે ખર્ચ કરવો નહીં. જો ભોજનની વ્યવસ્થા કરવી હોય તો અયોગ્ય લોકોને બોલાવજે પરંતુ વિદ્વાન અને સદાચારી બ્રાહ્મણોને આમંત્રણ આપતી નહી.પતિની વાત સાંભળીને ચંડીને થયું કે પતિ જે કહે છે તેનાથી ઊલટું જ કરવું, તેણે અનેક પ્રકારની વાનગીઓ તૈયાર કરાવી અને નગરના સારા તથા વિદ્વાન બ્રાહ્મણોને શ્રાદ્ધ માટે આમંત્રિત કર્યા. શ્રાદ્ધની વિધિ પણ તેણે સારી રીતે પૂર્ણ કરી પરંતુ શ્રાદ્ધની અંતિમ વિધિ વખતે વાલિતે પિતૃઓને અર્પણ કરેલા પિંડને ગંગાજીના પવિત્ર જળમાં પધરાવવાનું કહ્યું. પતિની વાતથી વિરૂદ્ધ વર્તવાની પોતાની ટેવને કારણે ચંડીએ એ પિંડને ગંગાજીમાં પધરાવવાને બદલે એક અપવિત્ર ખાડામાં નાખી દીધા.આ જાણીને વાલિત બ્રાહ્મણને ખૂબ દુઃખ થયું. તેને લાગ્યું કે ઘરના કલેશ અને પત્નીના વર્તનને કારણે ધાર્મિક કાર્યનું પણ અપમાન થયું છે. દુઃખી હૃદયે તેણે ઘર છોડી દીધું અને મનમાં સંકલ્પ કર્યો કે જયાં સુધી મહાલક્ષ્મીની કૃપાપ્રાપ્ત નહીં થાય ત્યાં સુધી તે વનમાં રહીને તપ અને ઉપાસના કરશે.

વનમાં તપ અને શરદ પૂર્ણિમાનું આગમન.. વાલિત બ્રાહ્મણ વનમાં ગયો અને ત્યાં સાદું જીવન જીવવા લાગ્યો. તે કંદમૂળ અને ફળ ખાઈને જીવન પસાર કરતો તથા ભગવાન અને મહાલક્ષ્મીનું સ્મરણ કરતો. ધીમે ધીમે દિવસો પસાર થયા. આશ્વિન માસની શુકલ પૂર્ણિમા નજીક આવી. આ જ રાત્રિ શરદ પૂર્ણિમા કે કોજાગરી પૂર્ણિમા તરીકે ઓળખાય છે, એ જ વનમાં કાલિય નાગના વંશની કેટલીક નાગકન્યાઓ મહાલક્ષ્મીને પ્રસન્ન કરવા માટે વ્રત કરતી હતી, તેમણે પોતાનું પૂજાસ્થાન સ્વચ્છ કરીને સુંદર રીતે સજાવ્યું હતું, તેમણે મહાલક્ષ્મીની પ્રતિમાની સ્થાપના કરી અને પંચામૃત, વસ્ત્ર, દર્પણ, રત્નો તથા અન્ય પૂજાસામગ્રીથી વિધિપૂર્વક પૂજા કરી. રાત્રિના પ્રથમ પ્રહરમાં તેમણે માતા મહાલક્ષ્મીની ભક્તિ કરી ત્યારબાદ તેઓ પાસાની રમત રમવા બેઠી પરંતુ આ રમત માટે ચાર વ્યક્તિઓની જરૂર હતી જયારે ત્યાં માત્ર ત્રણ નાગકન્યાઓ જ હતી. તેઓ ચોથા ખેલાડીની શોધમાં નીકળી, એ સમયે તેમની નજર નદીના કિનારે બેઠેલા વાલિત બ્રાહ્મણ પર પડી. નાગકન્યાઓએ વાલિતને પોતાની સાથે રમત રમવા માટે આમંત્રણ આપ્યું. વાલિતે શરૂઆતમાં ઈનકાર કરતાં કહ્યું કે જુગારથી ધન અને ધર્મ બંનેનો નાશ થાય છે. હું આવી પ્રવૃત્તિમાં ભાગ લેવા ઈચ્છતો નથી.નાગકન્યાઓએ તેને સમજાવ્યું કે આ વિશેષ પૂર્ણિમાની રાત્રે મહાલક્ષ્મીની ઉપાસના – જાગરણ અને પરંપરાગત ધાર્મિક વિધિઓનું વિશેષ મહત્વ છે, તેમણે વાલિતને પોતાના પૂજાસ્થાનમાં લઈ જઈ પ્રસાદ અને નારિયેળનું પાણી આપ્યું.

**મધ્યરાત્રિએ મહાલક્ષ્મીની કૃપા..**

પરંપરાગત કથાના વિસ્તૃત પાઠ પ્રમાણે રમત દરમિયાન નાગકન્યાઓએ પોતાનાં રત્નો દાવ પર મૂકયાં. વાલિત પાસે કોઈ સંપત્તિ નહોતી તેથી તેણે પોતાનાં વસ્ત્રો અને જનોઈ પણ દાવ પર મૂકયાં, અંતે તેની પાસે કંઈ જ બાકી ન રહ્યું. એ જ સમયે મધ્યરાત્રિ થઈ. ધાર્મિક માન્યતા અનુસાર એ પવિત્ર રાત્રે ભગવાન વિષ્ણુ સાથે મહાલક્ષ્મી પૃથ્વી પર વિચરણ કરતાં હતાં. મહાલક્ષ્મી દરેક સ્થળે જાણે એવો પ્રશ્ન પૂછતાં હતાં કે કો જાગર્તિ ? કોણ જાગે છે ? આ પ્રશ્નનો ભાવાર્થ છે કે કોણ જાગૃત છે? કોણ આળસ અને અજ્ઞાન છોડીને ભક્તિ – કર્તવ્ય તથા સદાચારના માર્ગે આગળ વધી રહ્યું છે? ભગવાન વિષ્ણુએ વાલિત બ્રાહ્મણની દુર્દશા જોઈને મહાલક્ષ્મીને કહ્યું કે આ બ્રાહ્મણ ધાર્મિક જીવન જીવવા છતાં દુઃખ ભોગવી રહ્યો છે, તેના પર કૃપા કરો અને તેનાજીવનમાંથી ગરીબી દૂર કરો. મહાલક્ષ્મીની કૃપાદષ્ટિ વાલિત પર પડી. કથાના વર્ણન અનુસાર તેનું દુર્ભાગ્ય દૂર થયું અને તેને રત્નો તથા સંપત્તિની પ્રાપ્તિ થઈ. નાગકન્યાઓએ પણ તેને પોતાની સાથે જોડયો અને તે ધનસંપત્તિ સાથે પોતાના ઘરે પાછો ફર્યો.

**વાલિતના જીવનમાં પરિવર્તન..**

ઘરે પાછા ફર્યા પછી વાલિતે પોતાના જીવનની ઘટનાઓ પર વિચાર કર્યો, તેણે સમજયું કે જીવનમાં કલેશ, અહંકાર અને પરસ્પર અવિશ્વાસથી દુઃખ વધે છે, તેણે પોતાની પત્ની સાથે સન્માનપૂર્વક વર્તવાનું શરૂ કર્યુ. પતિના બદલાયેલા વર્તનથી ચંડીના સ્વભાવમાં પણ પરિવર્તન આવ્યું. ઘરમાં પહેલાં જેવો કલેશ રહ્યો નહીં અને બંનેએ શાંતિ તથા સુખથી જીવન જીવવાનું શરૂ કર્યુ. આ રીતે પરંપરાગત કોજાગરી વ્રતકથામાં વાલિત બ્રાહ્મણને મહાલક્ષ્મીની કૃપાથી સમૃદ્ધિ પ્રાપ્ત થઈ હોવાનું વર્ણન મળે છે.

**કથામાંથી મળતો આધ્યાત્મિક સંદેશ..**

વાલિત બ્રાહ્મણની કથા માત્ર ધનપ્રાપ્તિની વાત નથી, તે આપણને અનેક જીવનોપયોગી સંદેશ આપે છે. જાગૃતિનું મહત્વઃ 'કો જાગર્તિ ?'નો ભાવ માત્ર રાત્રે જાગતા રહેવાનો નથી પરંતુ જીવનમાં કર્તવ્ય – સદાચાર અને આત્મચિંતન પ્રત્યે જાગૃત રહેવાનો છે. સ્વાભિમાન અને ધર્મનિષ્ઠા : મુશ્કેલીઓમાં પણ સદાચારનો માર્ગ છોડવો નહીં.

**પારિવારિક સદ્દભાવઃ** પતિ – પત્ની વચ્ચે પરસ્પર સન્માન – સમજણ અને સંવાદ હોવો જરૂરી છે.**ભક્તિ અને શ્રદ્ધા :** મહાલક્ષ્મીની ઉપાસના સાથે સદાચાર, પરિશ્રમ, સંયમ અને દાનની ભાવના પણ જીવનમાં સ્થાન પામે. **સમૃદ્ધિનો સાચો અર્થઃ** ધન સાથે મનની શાંતિ – પારિવારિક સુખ અને સારા આચરણનું હોવું પણ મહત્વનું છે.શરદ પૂર્ણિમાની રાત્રે મહાલક્ષ્મીની પૂજા, દીપદાન, ભજન – કીર્તન અને જાગરણ કરવાની પરંપરા આ જ ભાવનાને વ્યક્ત કરે છે કે મનુષ્યે અજ્ઞાનની નિદ્રામાંથી જાગીને શ્રદ્ધા – સદાચાર અને કર્તવ્યનિષ્ઠાથી જીવનને ઉજ્જવળ બનાવવું જોઈએ.

# ચલાલા : ગાયત્રી સંસ્કાર ધામ દ્વારા ડો. એ.પી.જે. અબ્દુલ કલામની જન્મજયંતીની ઉજવણી કરાઈ







ચલાલા ગાયત્રી સંસ્કાર ધામ દ્વારા હરિબા કેમ્પસ ખાતે અબ્દુલ કલામ યંગ વૃમેન સાયન્સ સેન્ટર ચાલી રહયું છે. જેમાં ભારતના મહાન વૈજ્ઞાનિક ડો.એ.પી.જે.અબ્દુલ કલામ સાહેબની જન્મજયંતીની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. ગાયત્રી સંસ્કાર ધામના વડા પ.પૂ.સંત ડો.રતિદાદા, રમણ સાયન્સ એન્ડ ટેકનોલોજી ફાઉન્ડેશનના ડાયરેકટર ડો.ચંદ્રમૌલી જોશી, લાલજીભાઈ ખુંટ, ભારત–ભૂષણ મહેશભાઈ મહેતા વિશેષ ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમમાં રક્ષા શકિત ગર્લ્સ સ્કૂલની દીકરીઓએ ડો.કલામ સાહેબના જીવનની વિવિધ ભૂમિકાઓ અલગ અલગ પાત્રો દ્વારા રજુ કરી હતી. ગાયત્રી સંસ્કાર વિદ્યાલય, રક્ષા શકિત ગર્લ્સ સ્કૂલ અને સંસ્કૃત શકિત ગુરૂકુળના બાળકોએ વિવિધ પ્રોજેકટસ રજુ કર્યા હતા. ઉપરાંત આ પ્રસંગે ખેલ મહાકુંભ અંતર્ગત દોડ, કબડ્ડી, ચેસ, ખો–ઓ, આર્ચરી, કરાટે સહિતની વિવિધ સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ મેળવનાર રક્ષા શકિત ગર્લ્સ સ્કૂલની દીકરીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે ડાયરેકટર શીતલબેન મહેતા સહીત સમગ્ર સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલી જિલ્લામાં રેલ્વે વિભાગને

ગેસ અને અન્ય માલસામાનનું પરિવહન કરવામાં આવે છે. આ કામગીરીથી રેલવેને માલભાડા પેટે દર વર્ષે આશરે ૯૦૦ કરોડની આવક થતી હોવાનું રેલવે અધિકારીએ જણાવ્યું છે.

પીપાવાવ પોર્ટથી ખાતરનું પરિવહન કરવા માટે વિશેષ પ્રકારના રેલવે વેગનનો ઉપયોગ કરવામાં આવે છે. એક ગુડ્સ ટ્રેનમાં આશરે ૩,૦૦૦ ટન ખાતરનું પરિવહન કરવામાં આવે છે. આ ટ્રેનમાં અંદાજે ૫૦થી ૫૨ વેગન હોય છે. દરેક વેગનમાં સરેરાશ ૫૫થી ૬૦ ટન જેટલા ખાતરનું પરિવહન થતું હોવાનું જણાવાયું છે.

રેલવે દ્વારા મોટા જથ્થામાં ખાતરનું પરિવહન થવાથી માલસામાનને એક સ્થળેથી બીજા સ્થળે પહોંચાડવામાં મદદ મળે છે. માર્ગ પરિવહનમાં અનેક ટ્રકોની જરૂર પડે તેવા મોટા જથ્થાને રેલવે દ્વારા એકસાથે લઈ જઈ શકાય છે. એક વેગનમાં પરિવહન થતો માલ આશરે ત્રણથી ચાર ટ્રકના જથ્થા જેટલો હોઈ શકે છે, જોકે વાસ્તવિક જથ્થો ટ્રકની ક્ષમતા પર આધારિત રહે છે.

પીપાવાવ પોર્ટથી માત્ર ખાતર જ નહીં, પરંતુ એલપીજી ગેસ અને કન્ટેનર સહિતના અન્ય માલસામાનનું પણ પરિવહન કરવામાં આવે છે. એલપીજી ગેસના પરિવહન માટેની ટ્રેનમાં આશરે ૨,૨૦૦ ટન માલનું વહન થાય છે. આ ઉપરાંત કન્ટેનર દ્વારા વિવિધ પ્રકારના માલસામાનને દેશના અન્ય વિસ્તારો સુધી પહોંચાડવામાં આવે છે.

પીપાવાવ પોર્ટથી થતું આ પરિવહન ઔદ્યોગિક અને વ્યાપારી પ્રવૃત્તિઓ માટે પણ મહત્વ ધરાવે છે. બંદરેથી માલસામાનને રેલવે મારફતે દેશના વિવિધ વિસ્તારો સુધી પહોંચાડવામાં આવે છે, જેના કારણે માલવાહક રેલવે વ્યવસ્થાની ભૂમિકા વધુ મહવપૂર્ણ બને છે.

ભાવનગર રેલવે મંડળના અધિકારી અતુલકુમાર ત્રિપાઠીએ જણાવ્યું હતું કે પીપાવાવથી સુરેન્દ્રનગર સુધીનો આશરે ૨૦૦ કિલોમીટર લાંબો પીઆરસીએલ રેલવે રૂટ માલવાહક પરિવહન માટે મહવપૂર્ણ છે. આ રેલવે લાઈન પર પીપાવાવ પોર્ટથી ભાવનગર રેલવે મંડળ માટે આશરે ૯૫ ટકા લોડિંગ થતું હોવાનું તેમણે જણાવ્યું હતું.

તેમના જણાવ્યા અનુસાર, પીપાવાવ પોર્ટથી થતી માલવાહક કામગીરી દ્વારા ભાવનગર રેલવે મંડળને દર વર્ષે માલભાડા પેટે આશરે ૯૦૦ કરોડની આવક થાય છે. આ રૂટનું જાળવણી કાર્ય પણ ભાવનગર રેલવે મંડળ દ્વારા કરવામાં આવે છે.

આમ, પીપાવાવ પોર્ટથી સુરેન્દ્રનગર સુધીનો રેલવે રૂટ ગુજરાતના માલવાહક પરિવહન નેટવર્કમાં મહવપૂર્ણ સ્થાન ધરાવે છે. એક ટ્રેનમાં હજારો ટન ખાતર અને અન્ય માલસામાનનું પરિવહન થવાથી રેલવેની માલવાહક ક્ષમતા અને બંદર આધારિત પરિવહનનું મહવ સ્પષ્ટ થાય છે.


આદુ–મરચાથી ભરપુર સ્પે. વાટીદાળના ખમણ
તેમજ સ્પે. નાયલોન ખમણ મળશે
દાનગીગેવ ખમણ હાઉસ
અમરેલીનાં જુનાને જાણીતા (સાનુભાઈ ખમણવાળા)
સ્ટેશન રોડ, લક્ષ્મીનારાયણ મંદિરની સામે, અવધ ડેરી ફાર્મની બાજુમાં, અમરેલી
મો. ૯૯૨૫૪ ૨૫૨૩૧ ■ મો. ૯૪૨૮૭ ૯૪૦૪૧

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦


પાના ૧ ઉપરનું ચાલું

## ચૂંટણીની જાહેરાતની શકયતા

તાલુકાઓની કુલ ૪૮૮ ગ્રામ પંચાયતોની મુદત પૂર્ણ થતી હોવાથી આગામી સમયમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણી યોજાવાની શકયતા વચ્ચે રાજકીય ગતિવિધિઓ તેજ બનવાની સંભાવના છે.

નવેમ્બરમાં મતદાર યાદી સુધારણા કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ગ્રામ પંચાયતોની ચૂંટણી અંગે જાહેરાત કરવામાં આવે તેવી શકયતા વ્યકત થઈ રહી છે. જેને પગલે ગ્રામ્ય વિસ્તારોમાં ચૂંટણીલક્ષી તૈયારીઓ અને રાજકીય ગણતરીઓનો દોર શરૂ થવાના એંધાણ છે.

જિલ્લામાં તાલુકાવાર સ્થિતિ પર નજર કરીએ તો સાવરકુંડલા તાલુકામાં સૌથી વધુ ૫૫ ગ્રામ પંચાયતોની મુદત પૂર્ણ થઈ રહી છે. ત્યારબાદ અમરેલી તાલુકામાં ૫૦ અને રાજુલા તાલુકામાં ૪૮ ગ્રામ પંચાયતોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત બાબરા તાલુકામાં ૪૪ અને ખાંભા તાલુકામાં ૪૩ ગ્રામ પંચાયતોની મુદત પૂર્ણ થવાની છે. જયારે કુંકાવાવ–વડિયા અને ધારી તાલુકામાં ૩૮–૩૮, લાઠી અને જાફરાબાદ તાલુકામાં ૩૫–૩૫ તથા લીલીયા અને બગસરા તાલુકામાં ૩૪–૩૪ ગ્રામ પંચાયતોની મુદત પૂર્ણ થવાની વિગતો સામે આવી છે.

જિલ્લાની ૪૮૮ ગ્રામ પંચાયતોમાં ચૂંટણીની સંભાવનાને પગલે ગામે ગામ રાજકીય સમીકરણો રચાવા અને સંભવિત ઉમેદવારો દ્વારા મતદારોનો સંપર્ક વધારવામાં આવે તેવી શકયતા છે. ચૂંટણીની સત્તાવાર જાહેરાત થતાં જ ગ્રામ્ય વિસ્તારોમાં રાજકીય માહોલ વધુ ગરમાય તેવી સંભાવના છે.

### મતદાર યાદી બાદ ચૂંટણીની પ્રક્રિયા વેગ પકડશે

ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે મતદાર યાદી સુધારણા કાર્યક્રમ મહત્વપૂર્ણ તબક્કો બની રહેશે. નવેમ્બરમાં આ કામગીરી પૂર્ણ થયા બાદ ચૂંટણી કાર્યક્રમ જાહેર થવાની શકયતા છે. જો કે, ચૂંટણીની ચોક્કસ તારીખો અને સત્તાવાર કાર્યક્રમ અંગે રાજય ચૂંટણી તંત્રની જાહેરાત બાદ જ સ્થિતિ સ્પષ્ટ થશે. સંભવિત ડિસેમ્બર મહિનામાં ચૂંટણી યોજાય તેવી ચર્ચાઓ વચ્ચે ગ્રામ્ય રાજકારણમાં અત્યારથી જ હલચલ જોવા મળી રહી છે.

### ગામડાંમાં સ્થાનિક પ્રશ્નો બનશે ચૂંટણીનો મુદ્દો

ગ્રામ પંચાયતની ચૂંટણીમાં સ્થાનિક વિકાસ, પીવાના પાણીની સુવિધા, રસ્તા, સફાઈ, ગટર વ્યવસ્થા અને સરકારી યોજનાઓના અમલીકરણ જેવા મુદ્દાઓ મહત્વના બની શકે છે. ગામના વિકાસ માટે કોણ કેટલું કામ કરી શકશે અને સ્થાનિક પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં કોની ભૂમિકા અસરકારક રહેશે, તે બાબતો મતદારોના નિર્ણયને પ્રભાવિત કરી શકે છે.


જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241


પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલીનાં શીતલ આઈસ્ક્રીમ દ્વારા

પરિવારની ટીમ દ્વારા લીલી ઝંડી આપી રવાનાં કરવામાં આવ્યો.

હરિયાણામાં ડિસ્ટ્રિબ્યુશન ચેનલનાં પ્રારંભ સાથે શીતલ આઈસક્રીમનાં વિસ્તરણને નવી દિશા અને નવી ગતિ મળશે. કંપનીનો ઉદ્દેશ્ય દેશના વધુમાં વધુ શહેરો અને વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત શીતલ આઈસક્રીમ ગ્રાહકો સુધી પહોંચાડવાનો છે.

હરિયાણાથી શરૂ થયેલી આ નવી સફર શીતલ આઈસક્રીમની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય વિકાસયાત્રામાં વધુ એક ગૌરવપૂર્ણ અધ્યાય બની છે.

પાના ૮ ઉપરનું ચાલું

## શાળા પરિસરમાં બિનઅધિકૃત

આપવામાં આવે છે તે યોગ્ય રીતે વિદ્યાર્થીઓને મળી રહે છે કે કેમ તે જોવા માટે વાલી હોય કે જાગૃત નાગરિક રૂબરૂ શાળાઓની મુલાકાતે જતા હોય છે. વિદ્યાર્થીઓને યોગ્ય શિક્ષણ આપવામાં આવે છે કે, કેમ, દરેક વિષયના શિક્ષકો ટાઈમ ટેબલ મુજબ જ અભ્યાસ કરાવે છે કે કેમ જેવી કેટલીય બાબતોની ચકાસણી કરવા વિદ્યાર્થીઓના વાલી, ગામના પ્રતિષ્ઠિત નાગરિકો, આગેવાનો તેમજ જાગૃત નાગરિકો શાળાની અવારનવાર વિઝીટ કરતાં હોય છે.

આજે ગુજરાતની અંદર દરેક કચેરીઓમાં નાગરિકો રૂબરૂ મુલાકાત કરી શકે છે, પ્રશ્નો કરી શકે છે, રજૂઆત કરી શકે છે પરંતુ, તાજેતરમાં ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ ધ્વારા મનઘડત પરિપત્ર કરવામાં આવ્યો છે એ રદ થવાને પાત્ર છે.

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ ધ્વારા શાળા પરિસરમાં બિનઅધિકૃત વ્યકિતઓને અવરજવર પ્રતિબંધ લગાવવા બાબતનો જે પરિપત્ર કરવામાં આવ્યો છે એ પરિપત્રના કારણે શાળાના સંચાલકો, શિક્ષકો તેમજ મધ્યાહન ભોજન યોજનાનાં સંચાલકો સહિતના શાળા સાથે જોડાયેલા શૈક્ષણિક કર્મચારીઓને કોઈ પણ અંકુશ વગર છુટો દોર મળી જવાનો છે. ભારત આઝાદ થયું એ પૂર્વે અને આઝાદી બાદ પણ મુકતપણે વાલી તેમજ જાગૃત નાગરિકો વિવિધ પ્રશ્નોને લઈને, બાળકોની પ્રગતિને લઈને, તેમના અભ્યાસક્રમને લઈને, બાળકોના શિક્ષણને લઈને યોગ્ય રજૂઆત કરવા, બાળકોનાં શિક્ષણનું મૂલ્યાંકન કરવા શાળાઓની મુલાકાતો અવારનવાર લેતા રહ્યા છે.

વિદ્યાર્થી નેતાઓ ધ્વારા શિક્ષણમાં રહેલી વિવિધ ખામીઓ, શાળામાં રહેલી સુવિધાઓનો અભાવ, મધ્યાહન ભોજન સહિતની યોજનાઓમાં થતી ગેરરીતિઓ, શૌચાલય સહિતની સુવિધાઓ વિદ્યાર્થીઓને મળી રહી છે કે કેમ અને જો ન મળી રહી હોય તો તેમની યોગ્ય રજૂઆત કરવા આવ્યા છે અને એ એમનો બંધારણીય અધિકાર છે જે અત્યંત જરૂરી પણ છે. છાશવારે એવી ઘટનાઓ બને છે કે જેમાં શાળાઓના કર્મચારીઓ ધ્વારા જ વિદ્યાર્થીઓનું શારીરિક શોષણ કરવામાં આવ્યું હોય હજારો વિદ્યાર્થીઓ શાળામાં ભણા હોય તેમજ શાળા ગામની નજીક હોય કેટલાય કર્મચારીઓ પણ શાળાની અંદર ઉપસ્થિત હોય, કેટલાય વિદ્યાર્થીઓ પણ શાળામાં હોવા છતાં આવા શારીરિક શોષણના બનાવો જો બનતા હોય તો વાલી તેમજ અન્ય લોકોનો શાળા પરિસરમાં પ્રવેશવા અંગે પ્રતિબંધ લગાવવામાં આવશે તો કેટલીય ગેર પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર, શિક્ષણમાં નિરંકુશ તેમજ સમાજમાં ન શોભે તેવી પ્રવૃત્તિનો પણ વધારો થશે.

વધુમાં જણાવેલ છે કે, સમગ્ર ગુજરાત જાણે છે કે, સરકારી શાળાઓની જેવી જાહેરાતો કરવામાં આવે તેટલી સારી હાલત જોવા મળતી નથી જેના કારણે જાગૃત નાગરિકો, વિદ્યાર્થી આગેવાનો કે વિદ્યાર્થીઓના વાલી શાળા પરિસરમાં જઈ વિદ્યાર્થીઓને લગતા પ્રશ્નો ન ઉઠાવે, યોગ્ય રજૂઆત ના કરે કે સોશ્યલ મીડિયામાં જે શિક્ષણની પરિસ્થિતિ છે એને ઉજાગર ન કરે તેના ડરથી ગેર બંધારણીય તેમજ મનઘડત પરિપત્ર કરવામાં આવ્યો છે. ગુજરાતના વિદ્યાર્થીઓના વાલીઓ, પ્રતિષ્ઠિત નાગરિકો તેમજ જાગૃત નાગરિકો આ પરિપત્રનો વિરોધ કરી રહ્યા હોય આ ગેર બંધારણીય પરિપત્રને રદ કરો તેવી માંગ અંતમાં કરેલ છે.

### કાયદો અને ઊર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે

# કુંકાવાવ તાલુકામાં કરોડોના વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ

### દડવા રાંદલ મુકામે નવા બસ સ્ટેન્ડના નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત

અમરેલી, તા. ૨૪

ગુજરાત રાજયના કાયદો અને ઊર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે કુંકાવાવ તાલુકાના દેવગામ અને દડવા રાંદલ મુકામે વિવિધ લોકઉપયોગી વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું છે. ગ્રામીણ વિસ્તારોમાં માળખાકીય સુવિધાઓ વધુ મજબૂત કરવાના હેતુથી રાજયમંત્રીની ઉપસ્થિતિમાં આ વિસ્તારને વિવિધ વિકાસલક્ષી કાર્યોની ભેટ મળી છે.

આ વિકાસ કાર્યો અંતર્ગત દેવગામ મુકામે બાળકોના શ્રેષ્ઠ શિક્ષણ માટે નવનિર્મિત પ્રાથમિક શાળાના અદ્યતન બિલ્ડિંગનું રાજયમંત્રીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, ગ્રામીણ સ્તરે શિક્ષણ સ્તરને વધુ ઉંચુ લાવવા અને વિદ્યાર્થીઓને આધુનિક સુવિધાઓ પૂરી પાડવાના હેતુથી આ નવનિર્મિત બિલ્ડિંગ અંદાજે રૂ. ૭૨ લાખની માતબર રકમના ખર્ચે આકાર પામ્યું છે. શિક્ષણ ઉપરાંત આ પંથકની રોડ કનેકિટવિટીને વધુ સુદ્રઢ બનાવવા માટે રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે દેવગામથી સારંગપુર અને દેવગામથી દડવા રાંદલ સુવિધાપથના વિકાસકામનું ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યું હતું. માર્ગ અને મકાન વિભાગ–પંચાયતની ગ્રાન્ટ અંતર્ગત અંદાજે કુલ રૂ. ૨.૫ કરોડના અંદાજિત ખર્ચે આ બંને મહત્વપૂર્ણ સુવિધાપથનું નિર્માણ કરવામાં આવશે, જે વાહનચાલકોની મુસાફરી વધુ સુગમ બનાવશે.

આ જ પ્રવાસ દરમિયાન રાજયમંત્રીએ દડવા રાંદલ મુકામે પણ સ્થાનિક અને બહારથી આવતા મુસાફરોની સુવિધા માટે અને મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને અંદાજે રૂ. ૫ લાખના ખર્ચે તૈયાર થનારા નવા બસ સ્ટેન્ડના બાંધકામનું ખાતમુહૂર્ત કર્યું હતું, જે આગામી સમયમાં સ્થાનિક મુસાફરો માટે ખૂબ આશીર્વાદરૂપ સાબિત થશે.

વિવિધ વિકાસકાર્યોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ પ્રસંગે તાલુકા પંચાયત હોદ્દેદારો, અગ્રણી પી.વી. વસાણી, કુંકાવાવ એ.પી.એમ.સી.ના ચેરમેન ગોપાલભાઈ અંટાળા, સરપંચો અને ગ્રામ પંચાયત સભ્યો સહિતના મહાનુભાવો અને સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.





## –:: જાહેર નોટિસ ::–

અમો નીચે સહી કરનાર કૌશલભાઈ બી. પંડયા, એડવોકેટ–અમરેલી ના આથી અમારા અસીલ મીતલકુમાર જીવનભાઈ કગથરા, રહે.અમરેલીની સુચના અન્વયે આ જાહેર નોટીસથી લાગતા– વળગતા સર્વોને જાણ કરીએ છીએ કે, અમરેલી ગામે સુધરાઈ હદ બહાર ચકકરગઢરોડ રસ્તે આવેલ રે.સ.નં.૫૨૬ પૈકીથી નોંધાયેલ જમીન માહે આવેલ પ્લોટ નં.૧૨૭,૧૨૮,૧૨૯ અને ૧૩૦ ની જમીનમા આવેલ ''સંસ્કાર'' નામના બિલ્ડીંગના થર્ડ ફલોરના ફલેટ નં.૮ વાળી મિલ્કતના મારા અસીલ વેચાણલેખથી માલીક છે. સદરહુ સર્વે નંબર ૫૨૬ ની જમીનના ખાતેદાર કેશવભાઈ ખીમજીભાઈ ધાનાણી વિ. હતા, તેઓના નામે આ જમીન બીનખેતીમા ફેરવાયેલ છે. તેમજ વેચાણલેખની વિગતે કૌટુંબિક વહેંચણી થતા આ જમીન માહેના પ્લોટ નં.૧૨૭ તથા ૧૨૯ ની જમીન મનુભાઈ કેશવભાઈ ધાનાણીના માલીકી હકકે આવેલ તેમના કુલમુખત્યાર મનસુખભાઈ વિરજીભાઈ વેલાણી પાસેથી આ બન્ને પ્લોટની જમીન 'સંસ્કાર કન્સ્ટ્રકશન–અમરેલી' ના ભાગીદારો શ્રી નરેશભાઈ ગોગનભાઈ સાકરીયા વિગેરે એ વેચાણલેખ નં.૧૯૧૦ તથા ૧૯૨૧ તા.૪/૬/૨૦૧૩ થી વેચાણ રાખેલ. તેમજ કૌટુંબિક વહેંચણીથી જ પ્લોટ નં.૧૨૮ તથા ૧૩૦ ની જમીન અશોકભાઈ દેવચંદભાઈ ધાનાણીના માલીકી હકકે આવેલ તેમના કુલમુખત્યાર મનસુખભાઈ વિરજીભાઈ વેલાણી પાસેથી આ બન્ને પ્લોટની જમીન 'સંસ્કાર કન્સ્ટ્રકશન–અમરેલી' ના ભાગીદારો શ્રી નરેશભાઈ ગોગનભાઈ સાકરીયા વિગેરે એ વેચાણલેખ નં.૧૯૨૫ તથા ૧૯૪૪ તા.૫/૬/૨૦૧૩ થી વેચાણ રાખેલ. અને આ પ્લોટ નં.૧૨૭ થી ૧૩૦ ની જમીનમા ''સંસ્કાર'' નામનુ બહુમાળી બિલ્ડીંગ બનાવવામા આવેલ છે. તે માહે થર્ડ ફલોરમા આવેલ ફલેટ નં.૮ ''સંસ્કાર કન્સ્ટ્રકશન–અમરેલી'' નામની ભાગીદારી પેઢી પાસેથી રજીસ્ટર્ડ વેચાણલેખ નં.૪૭૨ તા.૪/૨/૨૦૧૬ થી અમારા અસીલ એ વેચાણ રાખેલ છે. સદરહુ મિલ્કત સબંધે મારા અસીલએ અમારા પાસેથી ટાઈટલ કલીયર સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો સદરહુ મિલ્કત સબંધે કોઈ ઈસમ/વ્યકિતનુ કે, કોઈ નાણાકીય સંસ્થા કે, સરકારી, સહકારી કે અર્ધસરકારી સંસ્થાનુ હીત સમાયેલ હોય કે, ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના ઉપર બોજો કરવામા આવેલ હોય તો અથવા કોઈ ઈસમ/ વ્યકિતનો લાગભાગ, હકક–હિસ્સો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૩ મા લેખીતમા આધાર–પુરાવા સાથે રજીસ્ટર પોષ્ટ એ.ડી.થી જણાવવુ. અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા–તકરાર નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર સર્ટીફીકેટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામા આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામા આવશે નહી જેની લાગતા–વળગતા સર્વેએ નોંધ લેવી.

તા.૨૫/૧૦/૨૦૨૬

Pandya Advocates

**કૌશલભાઈ બી. પંડયા**
**એડવોકેટ એન્ડ નોટરી**
અંબિકા ચેમ્બર્સ, માણેકપરા, અમરેલી

# અમરેલી ખાતે શ્રી અમરવેલી નાગરિક શરાફી સહકારી મંડળી દ્વારા સભાસદ ભેટ વિતરણ કરાયું









શ્રી અમરવેલી નાગરિક શરાફી સહકારી મંડળી લી. ધ્વારા તા. ૨૪/૧૦/૨૦૨૬થી નાણાંકીય વર્ષ ૨૦૨૫/૨૬નાં વર્ષેનું મંડળીનાં સભાસદોને ૭% ડિવિડન્ડ તથા સભાસદ ભેટ વિતરણ અમર ડેરીનાં ચેરમેનઓ શ્વેત ક્રાંતિનાં પ્રણેતા અશ્વિનભાઈ સાવલીયા, આરએસએસનાં સૌરાષ્ટ્ર પ્રાંત ગૌ સેવા સંયોજક મેઘજીભાઈ હિરાણી, સંગમ ફાઉન્ડેશનનાં અધ્યક્ષ વિવેકભાઈ તળાવીયા તથા મંડળીનાં ચેરમેન રેખાબેન માવદિયા તથા બોર્ડ ઓફ ડિરેકટર્સ ધ્વારા કરવામાં આવેલ.

# વીજપડી આઉટ પોસ્ટ પોલીસ ચોકી ખાતે રકતદાન કેમ્પ યોજાયો



અમરેલી જિલ્લાના સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશન હેઠળની વીજપડી આઉટ પોસ્ટ પોલીસ ચોકી ખાતે પોલીસ સંભાવના દિવસના અનુસંધાને રક્દાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં પોલીસ કર્મચારીઓ,પોલીસ પરિવારના મિત્રો તેમજ અન્ય રક્તદાતાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કેમ્પ દરમિયાન કુલ ૭૦ યુનિટ જેટલું રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. રક્તદાન કેમ્પમાં મોટી સંખ્યામાં સ્વૈચ્છિક રક્તદાતાઓ જોડાયા હતા અને માનવસેવાના આ કાર્યમાં પોતાનું યોગદાન આપ્યું હતું. પોલીસ પરિવારના મિત્રો પણ રક્તદાન માટે આગળ આવ્યા હતા. આ ઉપરાંત ખડસલી વેટરનરી પોલિટેકનિક કોલેજના આશરે ૧૨ વિદ્યાર્થીઓએ પણ રક્તદાન કરીને સામાજિક જવાબદારીનું ઉદાહરણ પૂરૂ પાડયું હતું. રક્તદાનએ મહાદાન છે અને જરૂરિયાતમંદ દર્દીઓને સમયસર રક્ત મળી રહે તે માટે આવા કેમ્પનું વિશેષ મહવ છે. અકસ્માત, શસ્ત્રક્રિયા તથા અન્ય તબીબી પરિસ્થિતિઓમાં રક્તની જરૂરિયાત ઊભી થતી હોય છે, ત્યારે સ્વૈચ્છિક રક્તદાન અનેક લોકો માટે જીવનદાયી સાબિત થઈ શકે છે. વીજપડી આઉટ પોસ્ટ પોલીસ ચોકીખાતે યોજાયેલા આ રક્તદાન કેમ્પમાં ૭૦ યુનિટ રક્ત એકત્ર થતાં માનવસેવાનું સરાહનીય કાર્ય થયું હતું. પોલીસ કર્મચારીઓ, પોલીસ પરિવારના મિત્રો અને વિદ્યાર્થીઓની સહભાગિતાથી યોજાયેલો આ કેમ્પ સમાજમાં રક્તદાન અંગે જાગૃતિ ફેલાવવાની સાથે સેવાભાવનાનો સંદેશ પણ આપે છે.

### રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે

## કેરીયાનાગસ મુકામે અંદાજે રૂ. ૫.૪૩ કરોડના વિવિધ વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત સંપન્ન

### ગ્રામ્ય કક્ષાએ માળખાકીય સુવિધામાં વધારો થશે



અમરેલી, તા. ૨૪

અમરેલી તાલુકાના કેરીયા નાગસ મુકામે કાયદો અને ઊર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરિયાની પ્રેરક ઉપસ્થિતિમાં વિવિધ લોકઉપયોગી વિકાસ કાર્યોના ખાતમુહૂર્ત અને વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કેરીયાનગસ ગ્રામ્ય વિસ્તારના વિકાસ માટે કુલ રૂ. ૫.૪૩ કરોડની માતબર રકમના ખર્ચે વિવિધ માળખાકીય વિકાસકામોનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ વિકાસકાર્યોનું રાજયમંત્રી કૌશિકભાઈ વેકરિયાએ ખાતમુહૂર્ત કર્યું હતુ. ઉલ્લેખનીય છે કે, આ વિકાસકાર્યોમાં રૂ. ૧.૨૦ કરોડના ખર્ચે સી.સી. રોડનું નિર્માણ, રૂ.૧.૨૦ કરોડના ખર્ચે બે નવા બ્રિજ (પુલ)ની કામગીરી, રૂ. ૩ કરોડના ખર્ચે કેરીયાનાગસ-વરસડા રોડની રિસર્ફેસિંગ કામગીરી તેમજ રૂ. ૩ લાખના ખર્ચે નવા કોઝ-વેના નિર્માણ કાર્યનો સમાવેશ થાય છે. આ વિકાસકાર્યો થકી આગામી સમયમાં સ્થાનિક પરિવહન અને માળખાકીય સુવિધાઓમાં મોટો સુધારો જોવા મળશે. રાજયમંત્રી કૌશિકભાઈ વેકરિયાએ સંબોધન કરતાં જણાવ્યું કે, અમરેલી જિલ્લામાં અનેક વિકાસકામો પૂર્ણ થયા છે અને અનેક વિકાસકાર્યો પ્રગતિ હેઠળ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારમાં વિકાસના કામની રજૂઆત કરો અને એ રજૂઆતને ધ્યાને લઈને ત્વરાએ મંજૂરી મળે છે. રાજયમંત્રીએ ભારપૂર્વક ઉમેર્યું કે, અમરેલીની ઐતિહાસિક ધરોહર ગાયકવાડી રાજમહેલ નવીનીકરણ હોય કે, હેરિટેજ કલોક ટાવરનો રીસ્ટોરેશન પ્રોજેક્ટ, દરેક કાર્યને પ્રાધાન્ય સાથે આગળ ધપાવવાની નેમ સાકાર થઈ રહી છે.

રાજયમંત્રીએ વધુમાં ઉમેર્યું કે, અમરેલી શહેરમાં વીજ વાયર લાઈન અંડરગ્રાઉન્ડ થાય તે દિશામાં નક્કર કામગીરી સાથે માતબર રકમના બજેટ સાથે મેગા પ્રોજેક્ટ શરૂ થશે. ઠેબી નદી પરનો રીવરફ્રન્ટ પ્રોજેક્ટ, ખેતીવાડી વીજ લાઈનનું એમ.વી.સી.સી કેબલ પ્રોજેક્ટ અન્વયે રૂપાંતરણ વગેરે વિકાસ કાર્યો સાકાર કરવાની નેમ છે.

ઉલ્લેખનીય છે કે, ભૌતિક વિકાસની સાથોસાથ ગામના પર્યાવરણને વધુ શુદ્ધ અને હરિયાળું બનાવવાના ઉદ્દેશ્યથી એક વિશેષ વૃક્ષારોપણ ઝુંબેશ પણ શરૂ કરવામાં આવી હતી. સદભાવના ટ્રસ્ટના સહયોગથી અંદાજિત રૂ. ૮૦ લાખના ખર્ચે આશરે ૨,૫૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર અને ઉછેર કરવાનો સંકલ્પ લેવામાં આવ્યો છે. રાજયમંત્રી કૌશિકભાઈ વેકરિયા અને ઉપસ્થિત મહાનુભાવોએ પ્રકૃતિ જતનના સંદેશ સાથે વૃક્ષારોપણ કરીને ગ્રામજનોને પણ પર્યાવરણ સંરક્ષણમાં સહભાગી થવા માટે આહ્વાન કર્યું હતુ. આ સમગ્ર કાર્યક્રમનું પ્રેરણાદાયી આયોજન અમરેલી જિલ્લા પંચાયતના દંડક સોનલબેન જયેશભાઈ ગાંગડીયા તથા કેરીયા નાગસ ગામ પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું.

### પોલીસ સંભારણા દિવસ નિમિત્તે

## અમરેલી જિલ્લા પોલીસ દ્વારા યોજાયેલ રક્તદાન કેમ્પમાં કુલ ૧,૯૭૫ બ્લડ બોટલ એકત્રિત

### પોલીસ અધિક્ષક સહિતના ઉચ્ચ અધિકારીઓ દ્વારા પણ કરાયું રક્તદાન



અમરેલી, તા. ૨૪

સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત અમરેલી જિલ્લા પોલીસ દ્વારા દર વર્ષે તા. ૨૧ ઓકટોબરના રોજ પોલીસ સંભારણા તરીકે ઉજવવામાં આવે છે. આ નિમિત્તે સામાજિક ઉત્તરદાયિત્વનાભાગરૂપે જિલ્લાભરમાં રક્દાન કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત ચાલુ વર્ષે પણ પોલીસ અધિક્ષક સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ, અમરેલી જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશનો ખાતે તા. ૨૧ થી તા. ૨૪ દરમિયાન રક્દાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

રક્તદાન એ મહાદાન છે. ગત વર્ષ ૨૦૨૫ દરમિયાન અમરેલી જિલ્લા પોલીસ દ્વારા કુલ ૧,૩૪૮ બ્લડ બોટલ એકત્રિત કરવામાં આવી હતી. આ સેવાકીય કાર્યને આગળ ધપાવતા ચાલું વર્ષ ૨૦૨૬ દરમિયાન અમરેલી જિલ્લા પોલીસ દ્વારા કુલ ૧,૯૭૫ બ્લડ બોટલ એકત્રિત કરવામાં આવી છે, જે માનવસેવા પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

આ અભિયાન અંતર્ગત જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશનો દ્વારા નિર્ધારિત લક્ષ્યાંક સાથે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશન દ્વારા ૨૫૫, રાજુલા પોલીસ સ્ટેશન દ્વારા ૨૦૮ અને જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશન દ્વારા ૧૧૭ બ્લડ બોટલ એકત્રિત કરવામાં આવી હતી.

આ રક્તદાન કેમ્પ દરમિયાન વિવિધ બ્લડ બેંકોના સહયોગથી રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું. જેમાં રેડ ક્રોસ બ્લડ બેંક, અમરેલી દ્વારા ૩૦૦, શાંતાબા ગજેરા સિવિલ હોસ્પિટલ બ્લડ બેંક, અમરેલી દ્વારા ૪૪૬, વેદ બ્લડ બેંક, અમરેલી દ્વારા ૫૦૦ તથા કે.કે. મહેતા સરકારી હોસ્પિટલ, સાવરકુંડલા દ્વારા ૬૮૮ બ્લડ બોટલ એકત્રિત કરવામાં આવી હતી.

આમ, અમરેલી જિલ્લા પોલીસ દ્વારા રક્તદાનના આ સેવાકીય અભિયાનને વધુ વ્યાપક બનાવી જરૂરિયાતમંદ દર્દીઓને સમયસર રક્ત મળી રહે તે માટે પ્રશંસનીય પ્રયાસ કરવામાં આવ્યો છે.

જરૂરિયાતમંદ દર્દીઓને સમયસર રક્ મળી રહે અને રક્તદાન પ્રત્યે લોકોમાં જાગૃતિ ફેલાય તેવા ઉમદા હેતુથી અમરેલી જિલ્લા પોલીસ દ્વારા આ સેવાકીય પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી છે. અમરેલી જિલ્લા પોલીસ દ્વારા તમામ નાગરિકો, યુવાનો તથા સેવાભાવી લોકોને રક્તદાન અભિયાનમાં સહભાગી બની માનવતાના આ મહાયજ્ઞને સફળ બનાવવા અપીલ કરવામાં આવે છે.

### JDU નો મોટો નિર્ણય

## અનંત સિંહ અને પત્ની નીલમ દેવીને ૬ વર્ષ માટે પક્ષમાંથી હાંકી કઢાયાં

### MLC ચૂંટણીમાં પક્ષના ઉમેદવાર સામે પ્રચાર કરવો ભારે પડ્યો, અનંત સિંહનું ધારાસભ્ય પદ રદ કરવા સ્પીકરને ભલામણ

પટના,તા.૨૪

બિહારના રાજકારણમાં મોટો રાજકીય ઘટનાક્રમ સામે આવ્યો છે. મુખ્યમંત્રી નીતીશ કુમારના નેતૃત્વવાળી જનતા દળ યુનાઈટેડ (JDU)એ મોકામાના ધારાસભ્ય અનંત સિંહ અને તેમનાં પત્ની તથા પૂર્વ ધારાસભ્ય નીલમ દેવી સામે કડક કાર્યવાહી કરી છે. પક્ષવિરોધી પ્રવૃત્તિઓ અને પાર્ટીના નિર્દેશોનું ઉલ્લંઘન કરવાના આરોપસર બંનેને છ વર્ષ માટે પક્ષમાંથી હાંકી કાઢવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાના અહેવાલ છે. આ સાથે અનંત સિંહનું વિધાનસભાનું સભ્યપદ રદ કરવા માટે પણ ભલામણ કરવામાં આવી છે.આ કાર્યવાહી પાછળનું મુખ્ય કારણ બિહાર વિધાન પરિષદની ચૂંટણી હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. પટના ગ્રેજ્યુએટ બેઠકની ચૂંટણીમાં JDUએ નીરજ કુમારને ઉમેદવાર બનાવ્યા હતા. જોકે, અનંત સિંહે પક્ષના ઉમેદવારને બદલે જન સુરાજના ઉમેદવાર અનુજ કુમાર સિંહને સમર્થન આપ્યું હોવાનો આરોપ છે.

અહેવાલ મુજબ, અનંત સિંહે જન સુરાજના ઉમેદવારના પ્રચારમાં પણ ભાગ લીધો હતો. પક્ષના નેતૃત્વએ આ પગલાને શિસ્તભંગ અને પક્ષવિરોધી પ્રવૃત્તિ ગણાવીને કાર્યવાહી કરી છે. JDUના પ્રદેશ અધ્યક્ષ ઉમેશ કુશવાહાએ પણ અનંત સિંહ પર પક્ષના આદેશોની અવગણના કરવાનો અને નેતૃત્વ સામે અપમાનજનક ભાષાનો ઉપયોગ કરવાનો આરોપ મૂક્યો હોવાનું અહેવાલમાં જણાવાયું છે.

પક્ષમાંથી હકાલપટ્ટી ઉપરાંત અનંત સિંહના ધારાસભ્ય પદ અંગે પણ મહત્વપૂર્ણ પગલું લેવામાં આવ્યું હોવાની માહિતી છે. JDUના પ્રદેશ અધ્યક્ષે બિહાર વિધાનસભાના અધ્યક્ષ પ્રેમ કુમારને પત્ર લખીને બંધારણની દસમી અનુસૂચિ હેઠળ અનંત સિંહનું સભ્યપદ રદ કરવાની ભલામણ કરી છે. જોકે, માત્ર પક્ષમાંથી હાંકી કાઢવાથી ધારાસભ્યનું સભ્યપદ આપમેળે રદ થતું નથી. પક્ષપલટા વિરોધી કાયદા હેઠળની કાર્યવાહી અને સભ્યપદ અંગેનો અંતિમ નિર્ણય લાગુ કાયદાકીય જોગવાઈઓ અનુસાર વિધાનસભાના અધ્યક્ષે લેવાનો રહેશે. અનંત સિંહનાં પત્ની નીલમ દેવી સામે પણ પક્ષે કાર્યવાહી કરી છે. તેઓ અગાઉ મોકામા બેઠક પરથી ધારાસભ્ય રહી ચૂક્યાં છે. અનંત સિંહ જેલમાં હતા તે દરમિયાન નીલમ દેવીએ આ બેઠકનું પ્રતિનિધિત્વ કર્યું હતું. પક્ષવિરોધી પ્રવૃત્તિઓમાં સામેલ હોવાના આરોપસર તેમની સામે પણ છ વર્ષ માટે હકાલપટ્ટીનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું અહેવાલમાં જણાવાયું છે. મોકામા બેઠક પરથી અનેક વખત ધારાસભ્ય રહી ચૂકેલા અનંત સિંહ સામેની કાર્યવાહીથી બિહારના રાજકીય વર્તુળોમાં ચર્ચા શરૂ થઈ છે.

MLC ચૂંટણીનું પરિણામ ૨૭ ઓક્ટોબરે જાહેર થવાનું હોવાનું અહેવાલમાં જણાવાયું છે. હવે આ ચૂંટણીનાં પરિણામો અને ધારાસભ્ય પદ અંગેની આગળની કાયદાકીય કાર્યવાહી પર સૌની નજર રહેશે.

### અભિયાનથી ભાજપનો માસ્ટરપ્લાન

## ભાજપનું દેશવ્યાપી અભિયાન, વિપક્ષને ઘેરવાની તૈયારી

### ૨,૦૦૦ બેઠકો યોજી ૧૦ લાખ યુવાનો સુધી પહોંચવાનું લક્ષ્ય; SIR અને મતદાર યાદીના મુદ્દે દેશભરમાં જનજાગૃતિ ફેલાવશે ભાજપ

નવી દિલ્હી,તા.૨૪

મતદાર યાદીના વિશેષ સઘન સુધારણા (SIR) મુદ્દે વિપક્ષના વિરોધ અને આક્ષેપો વચ્ચે ભારતીય જનતા પાર્ટીએ દેશવ્યાપી જનસંપર્ક અભિયાન શરૂ કર્યું છે. 'લોકતંત્ર બચાવો, ભીડતંત્ર હટાવો' નામના આ અભિયાન હેઠળ ભાજપ મતદાર યાદીની ચોકસાઈ, ચૂંટણી પ્રક્રિયા અને બંધારણીય સંસ્થાઓ અંગે લોકોમાં જાગૃતિ ફેલાવવાનો પ્રયાસ કરશે. ૨૨ ઑક્ટોબરથી ૫ નવેમ્બર સુધી ચાલનારા આ અભિયાનમાં ખાસ કરીને યુવાનો, વિદ્યાર્થીઓ અને વિવિધ ક્ષેત્રના પ્રતિનિધિઓ સુધી પહોંચવા પર ભાર મૂકવામાં આવશે.

અહેવાલો અનુસાર, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીનના નિર્દેશ હેઠળ આ અભિયાનની રૂપરેખા તૈયાર કરવામાં આવી છે. તેનો મુખ્ય હેતુ SIR અને મતદાર યાદીના સુધારણા અંગે વિપક્ષ દ્વારા ઉઠાવવામાં આવતા સવાલોના જવાબ આપવા તથા ચૂંટણી પ્રક્રિયા અંગે પક્ષનો અભિપ્રાય લોકો સુધી પહોંચાડવાનો છે. ભાજપનો આક્ષેપ છે કે વિપક્ષ મતદાર યાદીના સુધારણા અંગે ભ્રામક માહિતી ફેલાવી રહ્યો છે અને ચૂંટણી પ્રક્રિયા પ્રત્યે લોકોના વિશ્વાસને અસર કરવાનો પ્રયાસ કરી રહ્યો છે. જોકે, આ ભાજપ દ્વારા રજૂ કરવામાં આવેલા રાજકીય આક્ષેપો છે. SIR પ્રક્રિયા અંગે વિપક્ષે ઉઠાવેલા વાંધાઓનું મૂલ્યાંકન સંબંધિત તથ્યો અને સત્તાવાર માહિતીના આધારે કરવું જરૂરી છે. આ અભિયાન હેઠળ ભાજપે દેશભરમાં આશરે ૨,૦૦૦ બેઠકો યોજીને ૧૦ લાખ યુવાનો સુધી પહોંચવાનો લક્ષ્યાંક રાખ્યો છે. આ માટે પક્ષના કાર્યકરો અને નેતાઓને વિવિધ સ્તરે જનસંપર્ક વધારવા સૂચના આપવામાં આવી હોવાનું અહેવાલોમાં જણાવાયું છે. અભિયાન દરમિયાન જાહેર સભાઓ, પદયાત્રાઓ, પત્રકાર પરિષદો, યુવા સંવાદ અને સોશિયલ મીડિયા પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે. મતદાર યાદીના સુધારણા અને ચૂંટણી પ્રક્રિયા અંગે માહિતી આપતાં પત્રકો તથા પુસ્તિકાઓનું વિતરણ પણ કરવામાં આવશે.

જિલ્લા સ્તરે યોજાનારી પદયાત્રાઓમાં મોટી સંખ્યામાં લોકોને જોડવાનો પ્રયાસ કરવામાં આવશે. ભાજપનું ધ્યાન ખાસ કરીને યુવા મતદારો સુધી પહોંચવા અને ચૂંટણી સંબંધિત મુદ્દાઓ અંગે પોતાનો પક્ષ રજૂ કરવા પર રહેશે. ભાજપની યોજના અનુસાર, ૨૩થી ૩૧ ઑક્ટોબર દરમિયાન વિવિધ વિધાનસભા મતવિસ્તારોમાં 'રાષ્ટ્રીય ચિંતન સંવાદ' યોજવામાં આવશે. આ કાર્યક્રમોમાં શિક્ષણવિદો, સમાજસેવકો, વેપારી પ્રતિનિધિઓ, શિક્ષકો અને અન્ય ક્ષેત્રના નાગરિકોને આમંત્રિત કરવાની યોજના છે. દરેક કાર્યક્રમમાં આશરે ૨૦૦ આમંત્રિત વ્યક્તિઓ ભાગ લે તેવી વ્યવસ્થા અંગે અહેવાલોમાં ઉલ્લેખ છે. યુવાનો અને વિદ્યાર્થીઓ માટે 'લોકતંત્ર વિરુદ્ધ ભીડતંત્ર' વિષય પર ચર્ચા, પ્રશ્નોત્તરી અને નિબંધ સ્પર્ધાઓ યોજવાની પણ યોજના છે.

મતદાર યાદીના વિશેષ સઘન સુધારણાને લઈને રાજકીય પક્ષો વચ્ચે મતભેદો જોવા મળી રહ્યા છે. ભાજપ આ પ્રક્રિયાને મતદાર યાદીની ચોકસાઈ સાથે જોડે છે, જ્યારે વિપક્ષ દ્વારા તેની પ્રક્રિયા, પારદર્શિતા અને સંભવિત અસરો અંગે સવાલો ઉઠાવવામાં આવી રહ્યા છે.

આ અભિયાનથી SIRનો મુદ્દો આગામી દિવસોમાં વધુ રાજકીય ચર્ચાનું કેન્દ્ર બની શકે છે. એક તરફ ભાજપ જનસંપર્ક અને પ્રચાર દ્વારા પોતાનો પક્ષ મજબૂત કરવાનો પ્રયાસ કરશે, તો બીજી તરફ વિપક્ષ મતદાર યાદીના સુધારણા અંગે પોતાના વાંધાઓ રજૂ કરવાનું ચાલુ રાખી શકે છે.

### માનવ અધિકાર કાર્યકર્તા કાંતિલાલ પરમારનો વૈધક પ્રશ્ન

## સરકારી શાળાઓમાં પ્રવેશ માટે આચાર્યની લેખિત મંજૂરી શા માટે સરકાર કાયદાકીય આધાર સ્પષ્ટ કરે

### બાળકોની સુરક્ષા આવકાર્ય, પરંતુ જાહેર શિક્ષણ વ્યવસ્થાની પારદર્શિતા અને નાગરિકોના અધિકારોનું શું

અમરેલી, તા. ૨૪

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ૨૧ આકટોબર, ૨૦૨૬ના રોજ શાળાના પરિસરમાં બિનઅધિકૃત વ્યકિઓના પ્રવેશ પર નિયંત્રણ મૂકવા અંગે બહાર પાડવામાં આવેલા પરિપત્રને લઈને કાયદાકીય આધાર, અમલીકરણની મર્યાદાઓ અને જાહેર જવાબદારી અંગે સ્પષ્ટતા કરવાની જરૂર ઊભી થઈ છે.

પરિપત્ર મુજબ બહારની વ્યક્તિએ શાળામાં પ્રવેશતાં પહેલાં આચાર્ય અથવા સંસ્થાના વડાની પૂર્વલેખિત મંજૂરી મેળવવાની રહેશે. મુલાકાતી રજિસ્ટરમાં વિગતો નોંધાવવી તથા વિદ્યાર્થીઓના ફોટોગ્રાફ, વીડિયો, ઈન્ટરવ્યૂ અને અન્ય રેકોર્ડિંગ માટે પૂર્વમંજૂરી લેવાની જોગવાઈઓ પણ કરવામાં આવી છે.

બાળકોની સુરક્ષા, ગોપનીયતા અને ગેરવનું રક્ષણ કરવું સરકાર તથા શાળા વ્યવસ્થાની અનિવાર્ય જવાબદારી છે. પરંતુ સવાલ એ છે કે સુરક્ષાના નામે બનાવવામાં આવેલા નિયમોનો અમલ કઈ મર્યાદામાં થશે અને સરકારી શાળાઓની કામગીરી અંગે કાયદેસર પ્રશ્નો પૂછતા નાગરિકો માટે કઈ પ્રક્રિયા ઉપલબ્ધ રહેશે? માનવ અધિકાર કાર્યકર્તા કાંતિલાલ પરમારે જણાવ્યું છે કે સરકારી શાળાઓ જાહેર શિક્ષણ વ્યવસ્થાનો મહવપૂર્ણ ભાગ છે. શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા, મપ્રયાહન ભોજન, પીવાનું પાણી, શેચાલય, શિક્ષકોની હાજરી, બાળકો સાથેના ભેદભાવ અથવા અન્ય અનિયમિતતાઓ અંગે ફરિયાદ ઊભી થાય ત્યારે વાલીઓ અને નાગરિકોને યોગ્ય સત્તાધિકારી સમક્ષ રજૂઆત કરવાનો માર્ગ મળવો જોઈએ.

જો કોઈ સામાજિક કાર્યકર અથવા નાગરિક શાળાની કોઈ સમસ્યા અંગે રજૂઆત કરવા માગે, તો શું તેની અરજીનો સમયમર્યાદામાં નિકાલ કરવામાં આવશે? જો મુલાકાતની મંજૂરી નકારવામાં આવે, તો શું લેખિત કારણ આપવામાં આવશે? શું નિર્ણય સામે જિલ્લા શિક્ષણ અધિકારી અથવા અન્ય સક્ષમ અધિકારી સમક્ષ રજૂઆત કરવાની સ્પષ્ટ વ્યવસ્થા છે? આ પ્રશ્નોના જવાબ સરકારે જાહેર કરવા જોઈએ.

ભારતના બંધારણની કલમ ૧૪ સમાનતા અને મનસ્વી કાર્યવાહી સામે રક્ષણ આપે છે. કલમ ૧૯(૧)(ક) અભિવ્યક્તિની સ્વતંત્રતા સાથે સંબંધિત છે અને કલમ ૨૧ જીવન તથા વ્યક્તિગત સ્વતંત્રતાનું રક્ષણ કરે છે. બીજી તરફ, બંધારણની કલમ ૨૧અ અને શિક્ષણનો અધિકાર અધિનિયમ, ૨૦૦૯ બાળકોના શિક્ષણના અધિકાર માટે મહવપૂર્ણ છે.

આ બંધારણીય જોગવાઈઓનો અર્થ એવો નથી કે કોઈપણ વ્યક્તિને ગમે ત્યારેમંજૂરી વિના શાળામાં પ્રવેશવાનો અમર્યાદિત અધિકાર છે. તેમ છતાં, પ્રવેશ નિયંત્રિત કરવાની સત્તાનો ઉપયોગ કાયદાની મર્યાદામાં અને વાજબી રીતે થવો જોઈએ. જાહેર હિતની ફરિયાદો, બાળ અધિકારો સંબંધિત રજૂઆતો અને અધિકૃત તપાસ માટે યોગ્ય પ્રક્રિયા ઉપલબ્ધ રહેવી જોઈએ. કાંતિલાલ પરમારે વધુમાં જણાવ્યું છે કે માત્ર સરકારી પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે એટલા માટે તેની દરેક જોગવાઈ આપમેળે કાયદેસર બની જતી નથી. એ જ રીતે, પૂર્વમંજૂરીની જોગવાઈ છે એટલા માટે સમગ્ર પરિપત્રને ગેરકાયદેસર ગણાવવો પણ યોગ્ય નથી. તેની કાયદેસરતા નક્કી કરવા માટે પરિપત્ર બહાર પાડવાની સત્તા, કાયદાકીય આધાર, લાગુ પડતી શાળાઓ, પ્રવેશ નકારવાના માપદંડો અને ફરિયાદ- પુનર્વિચારની વ્યવસ્થાની તપાસ જરૂરી છે.

સરકાર સમક્ષ સ્પષ્ટ પ્રશ્નો અને માંગણીઓ શાળામાં બહારની વ્યક્તિના પ્રવેશ માટે પૂર્વલેખિત મંજૂરી ફરજિયાત બનાવવાનો ચોક્કસ કાયદાકીય આધાર કયો છે? આ પરિપત્ર સરકારી, અનુદાનિત અને ખાનગતમામ પ્રકારની શાળાઓને લાગુ પડે છે કે નહીં? વાલી, પત્રકાર, ચૂંટાયેલા પ્રતિનિધિ, સામાજિક કાર્યકર અને માનવ અધિકાર કાર્યકર માટે મુલાકાતની મંજૂરી મેળવવાની પ્રક્રિયા શું છે? આચાર્ય કોઈ મુલાકાતની અરજીનકારે તો શું કારણસભર લેખિત નિર્ણય આપવો ફરજિયાત છે? મંજૂરી નકારવામાં આવે તો ફરિયાદ અથવા પુનર્વિચાર માટે કયા અધિકારીનો સંપર્ક કરવો? બાળકોના અધિકારો અંગે ફરિયાદ કરનાર વ્યક્તિ અને અધિકૃત તપાસકર્તાઓ માટે કઈ પ્રક્રિયા લાગુ પડશે? પરિપત્રના ભંગ બદલ કાર્યવાહી કરવાની જોગવાઈ કયા કાયદા અથવા નિયમ હેઠળ લાગુ પડશે? શાળાઓમાં પારદર્શિતા અને જાહેર જવાબદારી જળવાઈ રહે તે માટે શિક્ષણ વિભાગે કઈ વ્યવસ્થા કરી છે?

કાંતિલાલ પરમારે સરકારને અપીલ કરી છે કે પરિપત્રની સંપૂર્ણ પ્રમાણિત નકલ, તેનો કાયદાકીય આધાર અને અમલીકરણ અંગેની માર્ગદર્શિકા જાહેર કરવામાં આવે. સાથે જ, મુલાકાતની અરજી પર સમયસર નિર્ણય, કારણસભર જવાબ અને ઉચ્ચ અધિકારી સમક્ષ રજૂઆતની વ્યવસ્થા સ્પષ્ટ કરવામાં આવે.

તેમણે જણાવ્યું છે કે બાળકોની સુરક્ષા અને ગોપનીયતા સાથે કોઈ બાંધછોડ થવી જોઈએ નહીં. પરંતુ આ જ હેતુને આગળ ધરીને કાયદેસર ફરિયાદો, જાહેર હિતની રજૂઆતો અને સરકારી જવાબદારી સુનિશ્ચિત કરવાની પ્રક્રિયા ગેરવાજબી રીતે અવરોધાય નહીં તેની પણ ખાતરી થવી જોઈએ.

શાળાઓ બાળકોના શિક્ષણ અને સુરક્ષાનાં કેન્દ્રો છે. ત્યાં સુરક્ષા જળવાય તે જરૂરી છે, પરંતુ પારદર્શિતા અને જવાબદારી પણ એટલી જ જરૂરી છે. સરકાર પરિપત્રનો કાયદાકીય આધાર અને તેની અમલીકરણ પ્રક્રિયા અંગે સ્પષ્ટતા કરે.

### તાલુકા કોંગ્રેસ પ્રમુખ તાલુકા કોંગ્રેસ પ્રમુખ ત્રિવેદીની માંગ

## લીલીયા મોટાનાં રેલ્વે સ્ટેશન ખાતે મુસાફરોની સુવિધામાં વધારો કરો

### પ્લેટફોર્મ, કેન્ટીન સહિતની સુવિધા જરૂરી

લીલીયા મોટા, તા. ૨૪

લીલીયા મોટા રેલવે સ્ટેશન પર મુસાફરોને પડતી મુશ્કેલીઓ દૂર કરી જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની માંગ સાથે લીલીયા તાલુકા કોંગ્રેસ પ્રમુખ નીતિનભાઈ ત્રિવેદીદ્વારા રેલવે તંત્રને પત્ર લખી રજૂઆત કરવામાં આવી છે.

રજૂઆતમાં જણાવ્યા મુજબ, લીલીયા મોટા રેલવે સ્ટેશન પર બે ટ્રેનોના ક્રોસિંગ સમયે મુસાફરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ખાસ કરીને ટ્રેનમાં ચઢવા-ઉતરવા માટે આશરે ચાર ફૂટ જેટલું નીચે ઉતરવું પડતું હોવાથી વરિષ્ઠ નાગરિકો, દર્દીઓ, મહિલાઓ અને નાના બાળકો માટે પરિસ્થિતિ મુશ્કેલ બની રહે છે.આ સમસ્યાના કાયમી ઉકેલ માટે રેલવે સ્ટેશનની સામેની બાજુએ પ્લેટફોર્મ બનાવવામાં આવે, રેલવેના પાટા ઓળંગવા માટે દાદરાની સુવિધા ઊભી કરવામાં આવે તેમજ મુસાફરોની સુવિધા માટે ચા-નાસ્તા અને ઠંડાં પીણાંની કેન્ટીન શરૂ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.વધુમાં, સ્ટેશનની સામેની બાજુએ જવા માટે મુસાફરોને આશરે એક કિલોમીટર જેટલું અંતર કાપવું પડતું હોવાની મુશ્કેલી પણ રજૂઆતમાં દર્શાવવામાં આવી છે. જેના કારણે ખાસ કરીને વૃદ્ધો, દર્દીઓ અને નાના બાળકોને ભારે હાલાકી ભોગવવી પડે છે.

લીલીયા મોટા રેલવે સ્ટેશન પર મુસાફરોની સલામતી અને સુવિધાને ધ્યાનમાં રાખીને રેલવે તંત્ર દ્વારા આ પ્રશ્નોને ગંભીરતાથી લઈ જરૂરી સુવિધાઓ તાકીદે ઉપલબ્ધ કરાવવામાં આવે તેવી માંગ નીતિનભાઈ ત્રિવેદીએ પત્ર મારફતે કરી છે તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

હવે આપના અમરેલી જિલ્લાની નેત્ર ચિકિત્સા હોસ્પિટલમાં
મોઢા અને ગળાના કેન્સરના ઓપરેશન દ્વારા સારવાર
• જીભ તેમજ અન્ય મોઢાના અને ગળાના કેન્સરનું નિદાન અને સારવાર ની સુવિધા ઉપલબ્ધ.
• કાન -નાક -ગળા ને લગતી કોઈપણ તકલીફ માટે સારવાર રાહતદરે કરી આપવામાં આવશે.
આયુષ્માન ભારત યોજના મેડિકલેઈમ સુવિધા
GSRTC (ST) માન્ય હોસ્પિટલ
ડો. હર્ષ બારોટ M.S., (ENT)
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ
મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી–૩૬૫૬૦૧ ગુજરાત. ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૨ / ૨૩૩૯૯૯
વધુ માહિતી માટે 99789 66629

## દરિયાકાંઠે આવેલ પિપાવાવ પોર્ટથી સુરેન્દ્રનગર સુધી દોડે છે ગુડ્સ ટ્રેન

# અમરેલી જિલ્લામાં રેલ્વે વિભાગને માલભાડા પેટે ૯૦૦ કરોડની આવક

**એક ગુડ્ઝ ટ્રેનમાં ૩ હજાર ટન ખાતરનું પરિવહન કરવામાં આવે છે**

**LPG ગેસનાં પરિવહન માટેની ટ્રેનમાં આશરે ૨,૨૦૦ ટન માલનું વહન થાય છે**

**પિપાવાવથી સુરેન્દ્રનગર સુધીનો આશરે ૨૦૦ કિ.મી. લાંબો રેલ્વે રૂટ**

**એક વેગનમાં પરિવહન થતો માલ આશરે ૩થી ૪ ટ્રકનાં જથ્થો જેટલો હોય શકે**

અમરેલી, તા. ૨૪

અમરેલી જિલ્લાના પીપાવાવ પોર્ટથી દેશના વિવિધ વિસ્તારોમાં રેલવે મારફતે ખાતર, એલપીજી ગેસ અને કન્ટેનર સહિતના માલસામાનનું મોટા પાયે પરિવહન કરવામાં આવે છે. એક ગુડ્સ ટ્રેનમાં આશરે૩,૦૦૦ ટન ખાતરનું પરિવહન થાય છે, જયારે એલપીજી ગેસના પરિવહન માટેની ટ્રેનમાં આશરે ૨,૨૦૦ ટન માલ લઈ જવામાં આવે છે. પીપાવાવ પોર્ટથી થતી માલવાહક કામગીરી ભાવનગર રેલવે મંડળ માટે આવકનો મહવપૂર્ણ સ્ત્રોત છે.

અમરેલી જિલ્લાના દરિયાકાંઠે આવેલા પીપાવાવ પોર્ટથી સુરેન્દ્રનગર સુધીનો રેલવે રૂટ માલવાહક પરિવહન માટે મહવપૂર્ણ માનવામાં આવે છે. આશરે ૨૦૦ કિલોમીટર લાંબા આ રેલવે રૂટને પીઆરસીએલ તરીકે ઓળખવામાં આવે છે. આ માર્ગ પર પીપાવાવ પોર્ટથી કન્ટેનર, ખાતર, એલપીજી

અનુસંધાન પાના ૬ ઉપર

## ધારી–ફતેપુરા બસ બંધ કરાવ્યા બાદ હવે બીજી બસ નિશાના પર

# બગસરા ડેપોની બસ ચલાવવા માટે અન્ય ડેપોની બસ બંધ કરવાનો કારસો

**ડેપો મેનેજરને વારંવાર રજૂઆત કરવા છતાં કોઈ નિરાકરણ નહી**

બગસરા, તા. ૨૪

બગસરા એસ.ટી. ડેપોના અધિકારીની ઢીલી નીતિને કારણે છેલ્લાં ઘણા સમયથી અન્ય ડેપોની બસ બંધ થાય તેવા પ્રયાસો કરવામાં આવતા હોવાથી મુસાફરોમાં આ બાબતે ભારે રોષ ફેલાયો છે.


તસ્વીર : સમીર વિરાણી–બગસરા

જાણવા મળતી માહિતી મુજબ બગસરાથી વિસાવદર–ફતેપુરા બસ બપોરે ૧૪:૦૦ કલાકે ઉપડે છે. જેથી મુસાફરોને આ બસ આર્શીવાદરૂપ સમાન છે. મુસાફરોના હિતને ધ્યાને રાખી બગસરા ડેપો દ્વારા પણ ૧૪:૪૫ વાગ્યે ફતેપુરા બસ શરૂ કરી છે. જો કે આ બસનો સમય ૧૪:૪૫ નો હોવા છતાં વિસાવદર–ફતેપરા બસનો ટ્રાફિક તોડવા માટે બગસરા–ફતેપુરા બસ એક કલાક વહેલી પ્લેટફોર્મ પર મુકાઈ જાય છે જેથી વિસાવદર–ફતેપુરા બસનો ટ્રાફિક તોડી શકાય.

આ બાબતે વિભાગીય નિયામક, ડી.ટી.ઓ. અને ડેપો મેનેજરનું પણ ધ્યાન દોરવામાં આવ્યુ હતું. આમ છતાં ડ્રાઈવરો ડેપો મેનેજરનું ગાંઠતા ન હોવાનું સામે આવ્યું છે. આ અંગે વિસાવદર–ફતેપુરા બસના કર્મચારીઓએ જણાવ્યુ હતુ કે, બગસરા ડેપોની બસ એક કલાક વહેલી મુકીને આ બસનો ટ્રાફિક તોડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ પહેલા પણ ધારી–ફતેપુરા બસમાં બગસરાથી રીઝર્વેશન કરવામાં આવતુ ન હોવાની ફરિયાદો ઉઠી હતી. જેથી મુસાફરોના અભાવે ધારી–ફતેપુરા બસ બંધ થઈ ગઈ હતી. તો હવે બગસરા ડેપો દ્વારા અન્ય ડેપોની બસ બંધ કરાવવાનો પ્રયાસ થતો હોવાથી મુસાફરોમાં ભારે રોષ ફેલાયો છે. આ બાબતે અધિકારીઓ જવાબદારો સામે કડક કાર્યવાહી કરે તેવી માંગ કરવામાં આવી છે.

## સાવરકુંડલાનાં એડવોકેટ અને વિદ્યાર્થી અગ્રણીએ મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો

# શાળા પરિસરમાં બિનઅધિકૃત વ્યકિતઓને અવરજવર કરવા પર પ્રતિબંધ ફરમાવતો પરિપત્ર રદ કરવા માંગ

**શાળા પરિસરમાં પ્રવેશવા પર પ્રતિબંધથી ભ્રષ્ટાચાર અને સમાજમાં ન શોભે તેવી પ્રવૃત્તિ થવાની આશંકા દર્શાવી**

અમરેલી, તા. ૨૪

સાવરકુંડલાનાંવિદ્યાર્થીનેતા અને એડવોકેટ કેતન બી. ખુમાણે મુખ્યમંત્રને પત્ર પાઠવેલછે.

પત્રમાં જણાવેલ છે કે, ભારત વર્ષમાં તક્ષશિલા, નાલંદા જેવી વિદ્યાપીઠો વિશ્વમાં સૌથી વધુ શિક્ષણ અને સંસ્કાર માટે ઓળખ પામેલ છે. ભારતમાં આઝાદી પૂર્વે અને આઝાદી પછીશિક્ષણનીઅલગઅલગશાળાઓએ તેજસ્વીવિદ્યાર્થીઓતેમજદેશ–વિદેશને પ્રતિભાશાળી વ્યકિઓ આપ્યા છે. શિક્ષણ સંસ્થા એ ફકત શિક્ષણ પ્રાપ્ત કરવાની સંસ્થા કે શાળા નહીં પરંતુ વિદ્યાર્થીનું જીવન ઘડતર તુમજ તેમના સર્વાંગીવિકાસનો પ્રથમ પાયો છે.

ગુજરાતમાં અલગ અલગ શાળાઓમાં શિક્ષણ સિવાયની કેટલીય સકારાત્મક, રચનાત્મકપ્રવૃત્તિઓ સતત થતીરહેછે. શાળાબહારથીશિક્ષણવિદ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરનારાલોકોતેમજ અલગ અલગ ક્ષેત્રના નિષ્ણાંતો ધ્વારા અલગ અલગ કાર્યોક્રમો યોજી વિદ્યાર્થીઓમાં રહેલી સુસુપ્ત શકિતને બહાર લાવવાના પ્રયત્નો કરવામાં આવે છે. જાગૃત નાગરિકો ધ્વારા પોતાના બાળકો કઈ રીતે અભ્યાસ કરે છે તેમજ સરકાર તરફથી વિદ્યાર્થીઓને મળતી વિવિધ સુવિધાઓ તેમજ શાળાઓમાં યોગ્યશિક્ષણમળીરહેછેકેકેમતેનામાટે વારંવાર શાળાઓની મુલાકાત કરવામાં આવે છે. સરકાર તરફથી શાળાઓમાં મધ્યાહનભોજનજેવીસુવિધા

અનુસંધાન પાના ૬ ઉપર

## વિભાગીય પોલીસ અધિકારીનાં માર્ગદર્શન હેઠળ કાર્યવાહી

# બાબરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ચોરીનાં ગુન્હામાં ૨ આરોપીની અટકાયત

**ચોરી થયેલ રૂપિયા ૧૦.૦૫ લાખનો મુદ્દામાલ જબ્બે**

બાબરા, તા. ૨૪

લાઠી વિભાગીય પોલીસ અધિકારી વિસ્મય માનસેતા ધ્વારા અમરેલીજિલ્લામાંમિલ્કતસબંધીચોરી અટકાવવાતથાથયેલઘરફોડચોરીઓના આરોપીઓનેપકડીપાડવાસુચનાઆપેલ હોય, જેઅન્વયે, બાબરાપોલીસસ્ટેશનનાં પોલીસઈન્સ.એમ.બી.ઔસુરાનાંસીધા માર્ગદર્શનહેઠળબાબરાપોલીસસ્ટેશનનાં બીએનએસ ૩૦૫ (એ), ૩૩૧ (૩), ૩૩૧ (૪) તા. ૧૨/૪/૨૦૨૬ મુજબનાં ચોરીનાં અનડિટેકટ ગુન્હાને ટેકનિકલ સર્વેલન્સ તેમજ હ્યુમન સોર્સની મદદથી બાબરા પોલીસ સર્વેલન્સ ટીમ ધ્વારા મહિનાઓ સુધી શંકાસ્પદ ઈસમોની ગતિવિધિઓપરખાનગીરીતેવોચગોઠવી આરોપીનેટ્રેકકરીગઈકાલતા.૨૩નાંરોજ બાબરાનાં ન્યાય મંદિર પાછળ આવેલ કાચા માર્ગ પરથી બાબરા ગામે સ્વામીનારાયણનગરમાંરહેતાઅભિષેક વિજયભાઈ જાની તથા બાબરા મેઈન બજારમાં રામજી મંદિર પાસે રહેતા


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

નયનભાઈ સુરેશભાઈ સાકરીયા નામના બેઈસમોનેરોકડ રૂપિયા ૩,૦૦,૦૦૦, એક સોનાનો ઢાળીયો કિંમત રૂપિયા ૬,૮૫,૦૦૦તથામોટરસાયકલરૂપિયા ૨૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૧૦,૦૫,૦૦૦નાંચોરીકરેલમુદ્દામાલ સાથે પકડી પાડી અનડિટેકટ ગુન્હો ડીટેકટ કરી આરોપીઓ વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલછે.

## શીતલ કુલ પ્રોડકટસ લિમિટેડની બ્રાન્ડ

# અમરેલીનાં શીતલ આઈસ્ક્રીમ દ્વારા હરિયાણાનાં ફરિદાબાદમાં ડિસ્ટ્રિબ્યુશન ચેનલ શરૂ

**દેશ વ્યાપી વિસ્તરણયાત્રામાં વધુ એક મહત્વપૂર્ણ પગલુ**

અમરેલી, તા. ૨૪

શીતલ કુલ પ્રોડકટસ લિમિટેડની પ્રતિષ્ઠિત બ્રાન્ડ શીતલ આઈસક્રીમ દ્વારા આજે હરિયાણાનાં ફરીદાબાદ ખાતે પોતાની ડિસ્ટ્રિબ્યુશન ચેનલનો ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો છે. આ સાથે શીતલ આઈસક્રીમની દેશવ્યાપી વિસ્તરણયાત્રામાં વધુ એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન ઉમેરાયું છે.




શીતલ આઈસક્રીમનાં ઉત્પાદનો ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ, જમ્મુ–કાશ્મીર, પંજાબ, હિમાચલ પ્રદેશ, તેલંગાણા, આંધ્રપ્રદેશ, પશ્ચિમ બંગાળ અને ઓડિશા સહિતનાં વિવિધ રાજયોમાં સફળતાપૂર્વક ઉપલબ્ધ છે. હવે હરિયાણામાં પણ શીતલ આઈસક્રીમનાં ઉત્પાદનો ગ્રાહકો સુધી પહોંચાડવાની શરૂઆત કરવામાં આવી છે.

કંપની માત્ર ભારતમાં જ નહીં, પરંતુ ૧૬થી વધુ દેશોમાં પોતાના ઉત્પાદનોની નિકાસ કરીને વૈશ્વિક સ્તરે પણ આગવી ઓળખ બનાવી રહી છે. ગુણવત્તા, વિશ્વાસ અને ગ્રાહકોની પસંદગીને આધારે શીતલ આઈસક્રીમ સતત પ્રગતિના પંથે આગળ વધી રહી છે.

આ ઐતિહાસિક પ્રસંગે ફરીદાબાદ માટેનાં શીતલ આઈસક્રીમનાં પ્રથમ કન્ટેનરને કંપનીનાં મેનેજિંગ ડિરેકટર હાર્દિકભાઈ ભુવા તથા શીતલ

અનુસંધાન પાના ૬ ઉપર

## ક્રાઈમ બ્રાન્ચ દ્વારા કામગીરી

# ધારીનાં જીરા સીમ વિસ્તારમાંથી ૬ પત્તાપ્રેમીઓની અટકાયત

**રૂપિયા ૪૦.૯૦૦નો મુદ્દામાલ ઝડપાયો**

અમરેલી, તા. ૨૪

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ.ની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમે બાતમી હકિકત આધારે ધારી પોલીસ સ્ટેશન વિસ્તારમાં જીરા–મુંજીયાસર ગામ જતા રોડ ઉપર આવેલ સીમ વિસ્તારમાં જાહેરમાં જુગાર અંગે રેઈડ દરમિયાન ધારી તાલુકાના માણાવાવ ગામે રહેતા મંગળુભાઈ કાળુભાઈ વાળા, સાવરકુંડલા ગામે પારેખ વાડી વિસ્તારમાં રહેતા જોરૂભાઈ ઓઢાભાઈ વિકમા, ધારી તાલુકાના વિરપુર ગામે રહેતા અશોકભાઈ અમકુભાઈ વાળા, ધારી તાલુકાના જીરા ગામે રહેતા રણજીતભાઈ બાબાભાઈ જેબલીયા, ધારી તાલુકાના ગઢીયા ગામે રહેતા નિર્મળભાઈ ઘોહાભાઈ વાળા તથા અનકભાઈ કથુભાઈ માંજરીયા સહિત ૬ ઈસમોને જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા રોકડ રકમ રૂપિયા ૪૦,૯૦૦ તથા જુગાર સાહિત્ય સાથે પકડી પાડી, આરોપીઓ વિરૂધ્ધ જુગારધારા મુજબ ધોરણસર કાર્યવાહી કરી, પકડાયેલ આરોપીઓ તથા મુદ્દામાલ આગળની કાર્યવાહી થવા ધારી પોલીસ સ્ટેશનમાં સોંપી આપવામાં આવેલ છે.

Sheetal
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Namkeen Sales HOD - 1
• Liaisonig Officer - 2
• Sales & Marketing Officer - 3
• Cashier - 2
• Sales Co - Ordinator - 7
• Business Development Manager - 1
• Franchise Development Manager - 1
• Junior Accountant - 2
• Billing Operator - 2
• Telecaller - 1
• Reporting Manager - 2
• HR - Recruiter - 1
Only Male Candidates With Experience May Apply.
Location : Amreli, Gujarat.
hrscpl1987com
+91 85108 58857
APPLY NOW

બપોરે સ્પેશ્યલ ગુજરાતી થાળી તેમજ પંજાબી મળશે...
॥ દેશી ટેસ્ટ, ઘર જેવી મજા ॥
પંજાબી ચાઈનીઝ કાઠિયાવાડી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ છે
શ્રી રઘુવીર ફેમિલી ઢાબા
મો. ૮૧૪૦૯ ૦૦૦૯૩
કેરીયા રોડ બાયપાસ, તુલસી પાર્ટી પ્લોટ ની બાજુમાં અમરેલી
શ્રી રઘુવીર ફેમિલી ઢાબા

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
સ્પે. ગુજરાતી થાળી
શ્યામ ડાઈનીંગ હોલ (એ.સી.હોલ)
SHYAM Caterers
શુધ્ધ ઘી માં તરબોળ ફ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે. બે પડવાળી સ્વામીનારાયણની રોટલી તો ખરીજ
The King of catering service
અરજણભાઈ પટેલ મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો. ૯૬૮૭૦ ૪૭૨૯૫
સ્થળ એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી ૩૬૫૬૦૧, ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

નામ નોંધાવવા માટે (૦૨૭૯૨) ૨૩૧૧૧૨–૨૯૬૪૩૪
ડોક્ટર હાઉસ અમરેલી
કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D)
ડો. આર.ડી. ઘોડાસરા (M.S)
ડો. રૂચિતા જેઠવા (M.D)
ડો. દ્રષ્ટિ પંડયા (બીપીટી ફીજીયોથેરાપીસ્ટ)
અનંતા હોસ્પિટલ, નિકોલ–અમદાવાદ–કાયમી કન્સલ્ટન્ટ
ડો. ઉત્સવ ઉનડકટ (ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ) મો. ૮૧૯૭૩ ૯૧૫૬૬
ડો. કોમલ વ્યાસ ઉનડકટ (ડી.એન.બી. – ગાયનેક, ઈન્ફર્ટીલીટી સ્પેશ્યાલીસ્ટ) મો. ૯૯૧૩૬ ૪૮૪૩૦

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)